

P.07

શિલ્પા શેટ્ટીના ઘરે ઈડીના દરોડા, મની લોન્ડરિંગ કેસમાં પતિ રાજ કુન્દ્રાની ધરપકડ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

અભિનેત્રી કીર્તિ સુરેશ ડેસ્ટિનેશન વેડિંગ કરીને નવી શરૂઆત કરવા જઈ રહી છે



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૧૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 114 • Dt. 30-11-2024 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


યુક્રેન પર ૯૦થી વધુ મિસાઈલ અને ૧૦૦ ડ્રોનથી હુમલો, હાઈપરસોનિક મિસાઈલ છોડવાની ધમકી



07


30

NOVEMBER- 2024

SATURDAY




07

બીજેપી ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે ફડનવીસને મુખ્યમંત્રી બનાવવાનો પ્રસ્તાવ મંજૂર કરાશે

**વહેલી સવારે ૫:૩૦ વાગ્યે દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી**

# મોરબી શહેરની પેપર મિલ અને બાંધકામ સાથે સંકળાયેલા તીર્થક ગ્રુપ ઉપર દરોડા

**આઇટીના દરોડા દરમિયાન મોટી માત્રામાં બે નામી વ્યહવાર હાથે લાગે તેવી શકયતા । ૭૦ જેટલી ટીમ એકી સાથે આ દરોડાની કામગીરીમાં જોડાઇ હતી**

। પ્રતિનિધિ,મોરબી, તા.૨૯ ।

મોરબીના તીર્થક ગ્રુપ પર વહેલી સવારે ૫:૩૦ વાગ્યે દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મોરબી પેપર મિલ અને બાંધકામ સાથે સંકળાયેલા ગ્રુપ પર આઈટીના દરોડા પ ડતા શહેરમાં વિવિધ ચર્ચાઓના વંટોળ સર્જાયા છે. સમગ્ર ઘટનાને લઈ સૂત્રોએ જણાવ્યું હતુ કે આઈટીના દરોડા દરમિયાન મોટી માત્રામાં બે નામી વ્યહવાર હાથે લાગે તેવી શકયતા છે. ત્યારે એક જ સ્થળે ૭૦ જેટલી ટીમ એકી સાથે આ દરોડાની કામગીરીમાં જોડાઈ હતી.ઉપરાંત આ ઘટનાને લઈ પોલીસ બંદોદસ્ત સાથે આઈટી વિભાગ દ્વારા દરોડા હાથ ધરવામાં આવ્યા હતા ત્યારે હાલ ઓફિસ, કારખાના તેમજ તીર્થક ગ્રુપના જીવરાજભાઈ



ફુલતરિયાના રવાપર રોડ પર આવેલ ઘર પર તપાસ ચાલુ છે.બીજી તરફ અમદાવાદમાં તીર્થક અને સોહમ પેપરને ત્યાં ઈક્રમ ટેક્સના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં વૈષ્ણૌદેવી સર્કલ પાસે આવેલા ધરતી સાકેત બિલ્ડર ત્યાં આઈટીનું સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. વહેલી સવારથી આઈટીના અધિકારીઓની અલગ-અલગ ટીમો દરોડામાં જોડાઈ હતી. ત્યારે આ રેડમાં મોટી માત્રામાં બેનામી નાણાકીય વ્યવહાર સામે આવે તેવી શક્યતા જોવા મળી છે.જ્યારે મહેસાણાના નામાંકિત રાધે ગ્રુપ પર પણ આઈટીએ દરોડા પાડ્યા હતા. જેમાં રાધે ગ્રુપના મહેન્દ્ર પ ટેલ અને તેમના ભાગીદારોને ત્યાં આઈટીની ટીમ પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. જેમાં આશરે ૨૫થી વધુ સ્થળો પર ઈક્રમ ટેક્સ વિભાગે તપાસ હાથ ધરી હતી. ત્યારે આજ સવારથી મહેસાણા, અમદાવાદ અને મોરબીમાં તપાસ હાથ કરવામાં આવી છે.
















લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## ગુજરાતમાં શિયાળાની ઋતુ સંપૂર્ણપણે છવાઈ ગઈ

# રાજ્યમાં ડિસેમ્બર ઠંડોગાર નીવડી શકે, મોટાભાગના શહેરોમાં આગળ વધતી ઠંડી

### અમદાવાદમાં ગઈ કાલે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું, વડોદરામાં ૧૪.૧ ડિગ્રી અને અમરેલીમાં ૧૪.૩ ડિગ્રી નોંધાયું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૯ ।

ગુજરાતમાં શિયાળાની ઋતુ સંપૂર્ણપણે છવાઈ ગઈ છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ભારે ઠંડી પડી રહી છે. ટૂંક સમયમાં આખો નવેમ્બર મહિનો પૂરો થવાનો છે, પ રંતુ હજુ સુધી ઘણી જગ્યાએ અપ ેક્ષા મુજબ ઠંડીનો અનુભવ થઈ રહ્યો નથી. અમદાવાદમાં ગઈ કાલે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. નલિયાની સરખામણીએ વડોદરા અને અમરેલીમાં વધુ ઠંડીનો અનુભવ થયો હતો. આ બંને શહેરોમાં તાપ માન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું, જેમાં વડોદરામાં ૧૪.૧ ડિગ્રી અને અમરેલીમાં ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું.સ્બ્ગુજરાતમાં શિયાળાની ઋતુ સંપૂર્ણપણે છવાઈ ગઈ છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં ભારે ઠંડી પ ડી રહી છે. અમદાવાદમાં ગઈ કાલે



મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું હતું. નલિયાની સરખામણીએ વડોદરા અને અમરેલીમાં વધુ ઠંડીનો અનુભવ થયો હતો. આ બંને શહેરોમાં તાપ માન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું, જેમાં વડોદરામાં ૧૪.૧ ડિગ્રી અને અમરેલીમાં ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું.હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના અનેક શહેરોમાં તાપમાનમાં ઘટાડો થશે. આગામી ૩ દિવસ બાદ ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે તેવી આગાહી પણ કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૩ દિવસમાં ગુજરાતમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જોકે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં થોડા સમય માટે તાપમાનમાં સાધારણ ઘટાડો જોવા મળી શકે છે. રાજ્યમાં પવન પૂર્વથી પશ્ચિમ તરફ ફૂંકાઈ રહ્યો છે. આ કારણે તાપમાનમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નથી. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના અનેક શહેરોમાં તાપ માનમાં ઘટાડો થશે. આગામી ૩ દિવસ બાદ ગુજરાતમાં કડકડતી ઠંડી પડશે તેવી આગાહી પણ કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૩ દિવસમાં ગુજરાતમાં લઘુત્તમ તાપ માનમાં ૨-૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જોકે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં થોડા સમય માટે તાપ માનમાં સાધારણ ઘટાડો જોવા મળી શકે છે. રાજ્યમાં પવન પૂર્વથી પશ્ચિમ તરફ ફૂંકાઈ રહ્યો છે. આ કારણે તાપ માનમાં કોઈ મોટા ફેરફારની અપેક્ષા નથી.હવામાન વિભાગની આગાહી મુજબ અમદાવાદ, અરવલી, બનાસકાંઠા, જૂનાગઢ, કચ્છ, મોરબી, પાટણ, સુરેન્દ્રનગર, તાપી, વડોદરા સહિતના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી અને અમરેલી સહિતના જિલ્લાઓમાં ૧૮ ડિગ્રી રહેવાની શક્યતા છે. દેવભૂમિ દ્વારકા, જામનગર, નવસારી, રાજકોટ, વલસાડમાં લઘુત્તમ તાપમાન એક ડિગ્રી રહેવાની શક્યતા છે. આ ઉપ રાંત સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, મહેસાણા, ખેડા, ગાંધીનગર, બોટાદ, ભરૂચ, આણંદ સહિતના અનેક જિલ્લાઓમાં તાપમાન ૧૬ ડિગ્રીથી ઓછું રહેવાની સંભાવના છે.

## સગો બાપ વ્હાલસોઈ દીકરી માટે કાળ બન્યો,કૂકરથી કરપીણ હત્યા કરી

। પ્રતિનિધિ, સુરત, તા.૨૯ ।

શહેરના ભરીમાતા રોડ પર એક ભયાનક ઘટના બની છે. ઘર કામ બાબતે પિતા પુત્રી વચ્ચે ઝગડો થતા પિતાએ કુકરથી માર મારી હત્યા કરી નાખી છે. આ મામલે ચોક બજાર પોલીસે હત્યારા પિ તાની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે. સુરત શહેરના ચોક બજાર વિસ્તારમાં આવેલ ભરીમાતા સુમન મંગલ આવાસમાં રહેતા ૪૦ વર્ષીય મુકેશ પરમાર, જે ભાડે રિક્ષા ચલાવતો હતો અને હાલમાં બીમાર હોવાથી ઘરે આરામ કરતો હતો. તેની ૧૮ વર્ષીય દીકરી હેતાલીને મોબાઈલ પર વાતો કરતી જોઈ પિ તાનો ગુસ્સો થકોર પર ફૂટ્યો હતો. મૂકેશની પત્ની ગીતાબેન અને મોટી દીકરી મોલમાં નોકરીએ ગયેલી હતી. ત્યારે આ ઘટનાએ ઘરમાં ભયાનક વળાંક લીધો છે. મુકેશ પરમાર દરરોજ હેતાલીને ઘરના કામ માટે કહેતો હતો. ઘટનાના દિવસે પણ ગીતાબેને નોકરીએ જતી વખતે હેતાલીને વાંસણ અને કપડાં ધોઈ નાંખવા જણાવ્યું હતું.

## અમરેલીના પુરવઠા ઇન્સ્પેક્ટરના વૃદ્ધ માતાની કરપીણ હત્યા, આરોપી ફરાર

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૯ ।

અમરેલી જિલ્લાના જસવંતગઢ ગામ ખાતે બપોરના ૧૧:૩૦થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન ૬૪ વર્ષીય પ્રભાબેન તેરૈયા નામની વૃદ્ધાનુ તીક્ષણ હથિયાના ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી છે. મૃતક વૃદ્ધ મહિલા જ્યારે ઘરે એકલા હતા ત્યારે અજાણ્યા વ્યક્તિ દ્વારા તેમના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી વૃદ્ધના ગળાના તેમજ છાતી સહિતના ભાગે છથી સાત જેટલા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને તેમની હત્યા કરવામાં આવી હતી.અમરેલી રૂરલ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર સમગ્ર મામલે, મૃતકના ૬૫ વર્ષીય પતિ ભાનુશંકરભાઈ તેરૈયાની ફરિયાદના આધારે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશન ખાતે બીએનએસની કલમ ૧૦૩ (૧) સહિતની કલમ હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. ગુરૂવારના રોજ ભાનુશંકરભાઈ સવારના સમયે પોતાની વાડી ખાતે ચાલ્યા ગયા હતા.

## સંજય પાદરિયાને જાણી જોઈનને વિવાદમાં લાવવામાં આવ્યા છે : એસપીજી

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૯ ।

થોડા દિવસ અગાઉ જયંતિ સરધારાએ પીઆઈ સંજય પાદરીયા દ્વારા પોતાના પર હુમલો કર્યો હોવાના આક્ષેપ કર્યા હતા. જેને લઈ સરદારધામ અને ખોડલધામના વિવાદ વધારે વણસ્યો હતો. ત્યારે આ દરમિયાન વધુ એક ગ્રૃપની આ મામલે એન્ટ્રી થઈ છે. જેમાં હાલ સસ્પ ેન્ડેડ પીઆઈના સમર્થનમાં સરદાર પટેલ ગ્રૂપ ઉતર્યું હતું. જેમા સરદાર ગ્રૃપના સૌરાષ્ટ્ર ઝોનના અધ્યક્ષ કલ્પેશ રાંકનું સંજય પાદરિયાના સમર્થનમાં નિવેદન સામે આવ્યું છે.તેઓએ જણાવ્યું હતુ કે સંજય પાદરિયાને કાવતરાનો ભોગ બનાવીને સસ્પેન્ડ કરાયા છે. સંજય પ ાદરિયાને જયંતિ સરધારા દ્વારા ભોગ બનાવવામાં આવ્યા છે. જેમાં પીઆઈનો કોલર પકડીને લાત મારવી, માથાકૂટ કરવી અને બાદમાં ફરિયાદ કરવી તે કાવતરું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે સંજય પાદરિયાને જાણી જોઈનને વિવાદમાં લાવવામાં આવ્યા છે,એસપીજી કાવતરાનો ભોગ બનનારા સંજય પાદરિયાના સમર્થનમાં છેજોકે તાજેતરમાં ખોડલધામના ટ્રસ્ટીઓની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જયંતિ સરધારા અને સંજય પાદરીયાના વિવાદને લઈ ચર્ચાઓ કરવામાં આવી હતી.જેમાં ખોડલધામના નામ સંદર્ભે કોઈ પ્રતિક્રિયા ન આપવા નિર્ણય કરવામાં આવ્યો હતો. ખોડલધામના ટ્રસ્ટીઓએ પ ોલીસ કમિશનર સાથે પણ મુલાકાત કરી હતી.

## વિવાદ એટલો વકર્યો કે છેલ્લા કેટલાય દિવસથી મઠ પોલીસ છાવણીમાં ઘેરાયો

# જૂનાગઢમાં વિવાદ શમ્યો નથી ત્યાં કાંકરેજના થળી જાગીર મઠના મહંત કોણ તેને લઇ વિવાદ

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૨૯ ।

બનાસકાંઠાના કાંકરેજના થળી જાગીર મઠના મહંત જગદીશપુરી દેવલોક પામ્યા બાદ હવે જાગીર મઠના મહંત કોણ તેને લઈ વિવાદ છેડાયો છે અને વિવાદ એટલો વકર્યો કે છેલ્લા કેટલાય દિવસથી મઠ પોલીસ છાવણીમાં ઘેરાયો છે. એક તરફ દેવ દરબારના મહંત બળદેવનાથ બાપુ સહીત થરા જાગીરદાર સ્ટેટ દ્વારા શંકરપુરી મહારાજને ગુરૂ ગાદી સોપાઈ તો બીજી તરફ થળી મઠ નજીક આવેલા ગામોના લોકો દ્વારા શંકરપુરી મહારાજનો વિરોધ કરી કાર્તિકપુરી મહારાજને ચાદર ઓઢાડાતા વિવાદ વકર્યો છે. જો કે મહંતના વિવાદમાં સપડાયેલી આ થળી મઠ ખાતે કાયદો વ્યવસ્થા ન કથળે તેને લઈ હાલ તો આ મઠ પોલીસ છાવણીમાં ફેરવાયો છે.બનાસકાંઠાના કાંકરેજ વિસ્તારમાં બનાસ નદી નજીક આવેલો થળી જાગીર મઠ એ વર્ષો જૂની ધાર્મિક જગ્યા છે. અને જે સ્થાનિક લોકો માટે આસ્થાનું કેન્દ્ર છે. જો કે આ જાગીર મઠમાં અત્યાર સુધી ૧૩ જેટલાં મહંત ગુરૂગાદીએ બિરાજી ચુક્યા છે. જો કે તાજેતરમાં મહંત જગદીશપુરી કે જે છેલ્લા કેટલાય સમયથી આ મઠનો કારભાર સંભાળતા અને તાજેતરમાં ૧૯ નવેમ્બરએ હાર્ટએટેકના કારણે તેઓ દેવલોક પામ્યા જો કે મહંત દેવલોક પામ્યા બાદ તેમના દેહને મઠની જગ્યામાં જ સમાધિ અર્પણ કરાઈ અને તેં બાદ ગુરૂગાદી દેવ દરબારના મહંત બળદેવનાથ બાપુ અને થરા સ્ટેટના આગેવાનો દ્વારા થળી જાગીરમઠના મહંત તરીકે મહંત શંકરપુરીને ચાદર ઓઢાડીને ગુરૂગાદી સોપાઈ. જો કે દેવદરબારના મહંત અને થરા સ્ટેટના આગેવાનો દ્વારા મહંત શંકરપુરીને ગાદી તો સોંપી દેવાઈ પરંતુ આ મઠના આસપાસના ગામોના સ્થાનિક લોકો દ્વારા દેવ દરબાર અને થરા સ્ટેટ દ્વારા લેવાયેલા આ નિર્ણયનો વિરોધ કરાયો અને ૨૨ નવેમ્બર આસપાસના ગામોના હજારો લોકોએ થળી જાગીર મઠ ખાતે વિરોધ પ્રદર્શિત કર્યો અને તેં દરમ્યાન સ્થાનિકો દ્વારા મઠ બહાર જ મહંત કાર્તિકપુરીને થળી જાગીર મઠના મહંત તરીકે સ્થાપિત કરવા નિર્ણય કરાયો અને તેમને ચાદર ઓઢાડી દીધી.

## આણંદ તારાપુર ધર્મજ હાઈવે પર અકસ્માત થતાં ત્રણ લોકોના મોત નિપજયા

। પ્રતિનિધિ, આણંદ,તા.૨૯ ।

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે, ત્યારે આણંદ તારાપુર ધર્મજ હાઈવે પર એક ગોઝારો અકસ્માત થયો છે. વડદલા ગામનાં પાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના કમકમાટીભર્યા મોત થયા છે, જ્યારે અક્સ્માતમાં ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. આ ઘટનામાં મળેલી પ્રાથમિક માહિતી અનુસાર રાજકોટથી સુરત જઈ રહેલા ૩ મુસાફરોના મોત થયા છે.આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, આણંદના તારાપુર ધર્મજ હાઈવે પર ટ્રક અને લકઝરી બસ વચ્ચે ગમખ્વાર અકસ્માત થયો છે. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત નિપજ્યા છે. વડદલા ગામનાં પ ાટીયા પાસે ટ્રક અને લકઝરી બસ જઈ રહ્યા હતા, જ્યાં ઓવરટેક કરવા જતાં ગોઝારો અક્સ્માત સર્જાયો છે. જેમાં રાજકોટથી સુરત જઈ રહેલા રાજકોટના ત્રણ મુસાફરોના મોત નિપજ્યા છે, જ્યારે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

## યુવતીના મંગેતરે પ્રેમીની હત્યા કરી દેતા પ્રેમિકાએ પણ ગળાફાંસો ખાધો

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૨૯ ।

પ્રેમસંબંધે બે જીવ લીધા હતા. બોટાદમાં એક પ્રેમ સબંધના કારણે યુવક અને યુવતીએ જીવ ખોવાની વારી આવી હતી. ત્યારે આ ઘટનાને લઈ પ ોલીસે વધુ તપાસ હાથ ધરી છે.બોટાદમાં પ્રેમીની હત્યા બાદ પ્રેમિકાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેમાં આરતી કાવેઠીયાએ પ્રેમીની હત્યાના પ ાંચ દિવસ બાદ પાતાના ઘરે આપઘાત કર્યો. ગત ૨૨ નવેમ્બરે ઢાકણીયા રોડ પર બીજલ ઉર્ફે હિતેશ મહેરીયાની પ્રેમીકાના મંગેતર રોહિત ભોજૈયાએ હત્યા કરી હતી. થોડા દિવસ અગાઉ આરોપી રોહિત ભોજૈયાની બોટાદના આરતીબેન કાવેઠીયા સાથે સગાઈ થઈ હતી.મળતી માહિતી મુજબ મૃ તક બીજલ ઉર્ફે હિતેશને આરતીબેન કાવેઠીયા સાથે પ્રેમ સંબંધ હતો. જે બાદ યુવતીના લગ્ન અન્ય યુવક સાથે નક્કી કરવામા આવ્યા હતા. જે બાદ સગપણ કરાયેલ યુવકે પ્રેમી યુવકની ૨૨ નવેમ્બરે હત્યા કરી હતી.



## આરોપી ઓખા પાસે રહેતો હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો

# ગુજરાત એટીએસએ ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી

**સમગ્ર મામલે ગુજરાત એટીએસની ટીમ થોડા દિવસોથી ઓખાના એક વ્યક્તિ પર નજર રાખી રહી હતી**

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૯ ।

ગુજરાત એટીએસએ ફરી એકવાર ભારતીય સુરક્ષા એજન્સીની જાસૂસી કરતા ભારતીય નાગરિકની ધરપકડ કરી છે. અગાઉ પણ ઘણા લોકો આવી હનીટ્રેપમાં ફસાઈને પાકિસ્તાની એજન્ટોને આવી માહિતી આપતા હતા અને કેટલીક વખત અમુક રૂપિયાના બદલામાં પણ મહત્વની માહિતી તેમના સુધી પહોંચી જતી હતી. આ વખતે પકડાયેલ આરોપી ઓખા પાસે રહેતો હતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો હતો.એટીએસએ આ તમામ માહિતી મેળવી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. ગુજરાત એટીએસના સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભારતીય કોસ્ટ ગાર્ડ અને દરિયાઈ સરહદ અંગેની કેટલીક મહત્વની માહિતી છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાન પહોંચી રહી હતી.આ સમગ્ર મામલે ગુજરાત એટીએસની ટીમ થોડા




દિવસોથી ઓખાના એક વ્યક્તિ પર નજર રાખી રહી હતી. જેનું નામ દિનેશ ગોહિલ તરીકે સામે આવ્યું છે. જ્યારે પોલીસે તેની ધરપકડ કરી ત્યારે સામે આવ્યું કે તેણે ત્યાંના કોસ્ટ ગાર્ડ વિશે ઘણી માહિતી આપી હતી. હવે એટીએસ એ તપાસ કરી રહી છે કે તે કયા મોડ્યુલ સુધી અને કેવી રીતે પહોંચ્યો. દિનેશ ગોહિલ પાકિસ્તાનના કેટલાક લોકોના સંપર્કમાં આવ્યો હતો અને તેણે કોસ્ટ ગાર્ડ અને ભારતીય દરિયાઈ સરહદના કેટલાક મહત્વના ફોટોગ્રાફ સોશિયલ મીડિયા અને અન્ય કોઈ માધ્યમથી પાકિસ્તાનમાં કોઈને મોકલ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે હવે દિનેશ જ્યાં કામ કરતો હતો તે કંપનીના કેટલાક લોકોની પૂછપરછ કરી છે અને તેના સંપર્કમાં રહેલા લોકોની પણ તપાસ શરૂ કરી છે.દેવભૂમિ દ્વારકા જિલ્લાની જેમ કોસ્ટગાર્ડની જાસૂસી કરનાર એક વ્યક્તિ એક મહિના પહેલા પોરબંદરમાંથી એટીએસના હાથે ઝડપાઈ ગયો હતો. એક મહિના પહેલા ગુજરાત એટીએસની ટીમને માહિતી મળી હતી કે પોરબંદરનો એક વ્યક્તિ છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાની આર્મી કે જાસૂસી સંસ્થા આઈએસઆઈના અધિકારી કે એજન્ટના સંપર્કમાં છે. આ વ્યક્તિ પોરબંદર કોસ્ટ ગાર્ડની કેટલીક માહિતી લીક કરીને પાકિસ્તાન મોકલે છે. જેને લઈને ગુજરાત એટીએસની ટીમે પંકજ કોટિયા નામના શકમંદ પર નજર રાખવાનું શરૂ કર્યુ હતું. આ પછી પોલીસે પંકજની અટકાયત કરી હતી. આરોપી પંકજની ધરપકડ બાદ જ્યારે ગુજરાત એટીએસએ તેની પૂછપરછ કરી ત્યારે જાણવા મળ્યું કે તે પોરબંદર કોસ્ટ ગાર્ડ જેટી અને જેટી પર હાજર ભારતીય કોસ્ટ ગાર્ડની બોટ વિશેની સંવેદનશીલ માહિતી સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાન મોકલતો હતો. આ પછી છ્જીએ તેની સામે કેસ નોંધીને તેની ધરપકડ કરી હતી.

## મહિલા પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવી

# જૂનાગઢમાં દીકરીનો જન્મ થતાં માતાપુત્રીને ઘરની બહાર કાઢી મૂકવામાં આવ્યા

। જૂનાગઢ, તા.૨૯ ।

સરકાર ''બેટી બચાવો બેટી પઢાવો''ને ગમે તેટલી પ્રોત્સાહન આપે, તો પણ ઘણા લોકોની માનસિકતા બદલાઈ નથી. કારણ કે સમાજમાં દીકરીઓને બોજ માનતા લોકોની સંખ્યા ઘટી નથી. આવો જ એક કિસ્સો જૂનાગઢમાં પ્રકાશમાં આવ્યો છે, જ્યાં દીકરીનો જન્મ થતાં જ માતા-પુત્રીને ઘરની બહાર કાઢી મુકવામાં આવ્યા હતા.આ મહિલા અને તેની એક વર્ષની પુત્રીને આ મહિલા હવે પોતાને અને તેની પુત્રીને ન્યાય મેળવવા પોલીસ સ્ટેશને આવી છે આ મહિલાનું નામ છે ગાયત્રીબેન મેઘાણી અને તેની એક વર્ષની પુત્રી પ્રીશાપઆઠ વર્ષ પહેલા ગાયત્રીબેનના લગ્ન થયા હતા. જૂનાગઢના વાંઝાવાડના રહેવાસી ગાયત્રીબેન મેઘાણીને તેના સાસરિયાઓ વારંવાર મારતા હતા અને શારીરિક અને માનસિક ત્રાસ વચ્ચે ગાયત્રીબેને એક પુત્રને જન્મ આપ્યો હતો એક વર્ષ પહેલા ગાયત્રીબેને એક સુંદર પુત્રીને જન્મ આપ્યો હતો અને પુત્રીનો જન્મ થતાં જ સાસરીયાઓએ પરિણીતાને ઘરની બહાર કાઢી મુકી હતી. આ ક્રમ એક વર્ષથી ચાલી રહ્યો છે. પરિણીત મહિલા તેની માતાના ઘરે રહે છેએટલું જ નહીંપ અગાઉ પણ એક



વખત ગાયત્રીબેન મેઘાણી જ્યારે ગર્ભવતી હતા ત્યારે તેમના પતિ આશિષ મેઘાણી અને તેમના સાસરિયાઓએ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં પ્રેગ્નન્સી ટેસ્ટ કરાવ્યો હતો અને જ્યારે તેમને ખબર પડી હતી કે તેમને દીકરી થવાની છે. તેણે ગર્ભપાત કરાવ્યો અને ત્યારબાદ આ પુત્રીનો જન્મ થયો.ગાયત્રીબેને તેના સાસરીયાઓ પર અંધશ્રદ્ધાળુ હોવાનો આરોપ લગાવ્યો છે અને બે દિવસ પહેલા તે તેના સાત વર્ષના પુત્રને મળવા તેની સાસરીમાં ગઈ હતી ત્યારે તેને મળવા દેવાઈ ન હતી અને તેનું અપમાન કરીને તેને ઘરની બહાર કાઢી મૂકાઈ હતી.

# સુરતમાં લવ જેહાદ : યુસુફ મંડપવાલાએ કમલસિંહ નામ ધારણ કરી દુષ્કર્મ આચર્યુ

। માહિતી બ્યુરો, સુરત, તા.૨૯ ।

સુરતમાં લવ જેહાદનો અનોખો કિસ્સો સામે આવ્યો છે,જેમાં એક વિધર્મી યુવકે હિંદુની યુવતીને ફસાવી તેની સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની વાત સામે આવી છે.આરોપી યુસુફ મંડપવાલાએ કમલસિંહ નામ ધારણ કરીને યુવતીને ફસાવી હતી,કુંવારી યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હોવાની વાત પણ આરોપીએ કબૂલી છે જેને લઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.આ સમગ્ર ઘટનાની જાણ વિધર્મીની પત્ની જાણતી હતી અને તેને ખબર હતી કે તેના પતિએ આવી રીતે કોઈ હિંદુ યુવતીને ફસાઈ છે જેને લઈ તે પણ તેને મદદ કરી રહી હતી ત્યારે પોલીસે પતિ-પત્ની બન્નેને આરોપી તરીકે લીધા છે,આરોપી એટલી હદ વટાવી ચૂકયો હતો કે,તેણે યુવતીનું ગેરકાયદેસર રીતે ગર્ભપાત પણ કરાવી દીધુ છે.ભોગ બનનાર યુવતી વર્ષ ૨૦૦૦માં યુવક સાથે અભ્યાસ કરતી હતી અને યુવકે તેનો લાભ ઉઠાવીને યુવતીના નામે લોન કરાવીને બાઈકની પણ ખરીદી કરી હતી.આ સમગ્ર કેસને લઈ પોલીસે મોબાઈલ લઈને ઉંડાણપૂર્વક તપાસ હાથધરી છે,જેમાં આરોપીની પત્ની તેને કઈ રીતે મદદ કરતી હતી તે દિશામાં તપાસ હાથધરી છે,મહત્વનું છે કે પોલીસે તેની પત્નીની પૂછપરછ કરી છે પણ તેની પત્ની પોલીસને સહયોગ આપતી નથી,ત્યારે પોલીસની તપાસમાં શું ખુલાસા થાય છે તે જોવાનું રહ્યું,વિધર્મી યુવકે અન્ય કેટલી હિંદુ છોકરીઓને આ રીતે ફસાવી છે તે દિશામાં પણ તપાસ હાથધરી છે.







## તંત્રી લેખ..

# પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ

રામનવમીના તહેવાર પ્રસંગે દેશના કેટલાક હિસ્સામાં જે રીતે ઉપદ્રવ મચાવવામાં આવ્યો અને શ્રીરામની શોભાયાત્રાઓને નફરતી તત્ત્વો દ્વારા નિશાન બનાવવામાં આવી, તેનાથી ગયા વર્ષની એ ઘટનાઓની યાદ તાજી થઈ ગઈ, જ્યારે આ જ પર્વ દરમ્યાન કેટલાય શહેરોમાં મોટા પાયે હિંસા આચરવામાં આવી હતી. એ માનવાનાં ઘણાં કારણો છે કે રામનવમી પર કાઢવામાં આવતી શોભાયાત્રાઓ પર કોઈ સુનિયોજિત ષડયંત્ર અંતર્ગત હુમલા થઈ રહ્યા છે. તેનું પ્રમાણ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર, ગુજરાતના વડોદરા અને પશ્ચિમ બંગાળના હાવડામાં થયેલ હિંસાથી મળી આવે છે. સંભાજી નગરમાં એક રામ મંદિર પાસે ભારે હિંસા કરવામાં આવી અને જ્યારે પોલીસ સ્થળ પર પહોંચી તો ઉપદ્રવીઓએ તેને પણ નિશાનો બનાવી. તેને કારણે કેટલાય પોલીસકર્મીઓ પણ ઘાયલ થઈ ગયા. વડોદરામાં રામનવમીએ નીકળેલી બે શોભાયાત્રાઓ પર હુમલા કરવામાં આવ્યા. પશ્ચિમ બંગાળના હાવડામાં તો હદ જ થઈ ગઈ. ત્યાં શોભાયાત્રા પર હુમલાની સાથે જ હિંદુઓના ઘરો અને દુકાનોને પણ નિશાનો બનાવવામાં આવી. એનાથી પણ ચિંતાજનક વાત એ રહી કે ત્યાં બીજા દિવસે પણ હિંસા ચાલુ જ રહી. હાવડામાં શુક્રવારની નમાજ બાદ હિંસક ભીડે જેવો ઉત્પાત મચાવ્યો, તેનાથી સ્પષ્ટ છે કે તેમનું દુસ્સાહસ વધેલું હતું અને તેમને પોલીસની સતર્કતાથી કશો ફરક પડતો ન હતો.આશ્ચર્ય નહીં કે મુખ્યમંત્રી મમતા બેનર્જીના એ કથને ઉપદ્રવી તત્ત્વોનું દુસ્સાહસ વધારવાનું કામ કર્યું હોય કે મુસ્લિમ વિસ્તારોમાંથી રામનવમીની શોભાયાત્રાઓ ન કાઢવામાં આવે. આખરે આ પ્રકારનું નિવેદન આપવાની જરૂર જ શી હતી? શું શોભાયાત્રાઓ માટે મુસ્લિમ વિસ્તારો નિષેધ છે? જો કોઈ એમ કહે કે હિંદુ સમુદાય મુસ્લિમ વિસ્તારોમાંથી શોભા યાત્રાઓ ન કાઢે તો પછી કોઈ એમ પણ કહેશે કે મુસલમાનોએ પોતાનાં જુલૂસ હિંદુઓના વિસ્તારમાંથી ન કાઢવાં જોઈએ. શું મમતા બેનર્જી આવું ઈચ્છે છે? શું મુસ્લિમ વિસ્તારો કોઈ એવાં વિશેષ સ્થળ છે, જ્યાં અન્ય કોઈ સમુદાયના લોકોએ ન જવું જોઈએ? આ સવાલ માત્ર મમતા બેનર્જીને જ નહીં, એમને પણ છે, જેઓ ગંગા-જમુની તહેજીબનાં ગતકડાં રમતાં મૂક્યા કરે છે. આ કથિત તહેજીબ એક છેતરપિંડી જ છે અને તેમાં મુસ્લિમ સમુદાય સિવાય અન્ય કોઈ બીજા માટે સ્થાન નથી. આ તહેજીબનાં વખાણ કરનારાઓએ એ પણ જણાવવું જોઈએ કે આખરે શોભાયાત્રાઓ પર જ હુમલા કેમ થઈ રહ્યા છે? જ્યારે હાવડામાં શોભાયાત્રા પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલા માર્ગ પર જ નીકળી રહી હતી, તો પછી તેના પર કોઈ વાંધો કેવી રીતે ઉઠાવી શકે? એનાથી પણ મોટો પ્રશ્ન એ છે કે કોઈ શોભાયાત્રા પર હુમલો કરવાની હિંમત જ કેવી રીતે કરી શકે? સામાન્ય રીતે આવી હિંમત ત્યારે જ થઈ શકે, જ્યારે તોફાની તત્ત્વોને પોલીસની કોઈ જ બીક ન રહી હોય. શોભાયાત્રાઓ પર થનારા હુમલા માત્ર કાયદો-વ્યવસ્થાને જ સીધો પડકાર નથી, બલ્કે દેશના સામાજિક તાણાવાણાને ધ્વસ્ત કરવાની કુચેષ્ટા પણ છે.

# ફુડ સંબંધિત કોર્સમાં હવે ધસારો



આધુનિક સમયમાં સપ્તાહમાં એક અથવા તો વધુ વખત ઘરની બહાર હોટેલ અને રેસ્ટોરન્ટમાં ભોજન કરવાનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતીમાં ફુડ સાથે સંબંધિત કોર્સમાં જોડાઇને શાનદાર કેરિયર પણ બનાવી શકાય છે. આ ફુડ ક્ષેત્રે પણ અનેક લોકો તેમની કેરિયરને લોકપ્રિયતાની ચરમસીમા પર લઇ ગયા છે. સારા ફુડ પ્રોડકશન મેનેજરની પણ ભારે માંગ હવે જોવા મળી રહી છે. ફુડ પ્રોડક્શન મેનેજરની કેરિયર સ્વાદ સાથે જોડાયેલી છે. જો તમને જુદા જુદા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનમાં વધારે રસ છે તો આ કેરિયરમાં આગળ વધી શકાય છે. સફળ કેરિયર આમાં પણ બને છે. એક ફુડ પ્રોડક્શન મેનેજર ખાસ પ્રકારના ભોજન તૈયાર કરવાના તમામ પાસાથી સંપૂર્ણ વાકેફ હોય છે. આવી સ્થિતીમાં આ યુવાનો જેમનો રસ કેટરિંગ, ભોજન, બનાવવામાં અને ખાસ પ્રકારની ડીસ બનાવવામાં વધારે છે તે યુવાનો આ ક્ષેત્રે આગળ વધી શકે છે. ઈન્ડિયન, કોન્ટિનેન્ટલ, ચાઈનીજ અને અન્ય ઈન્ટરનેશનલ ભોજન બનાવવામાં રસ ધરાવે છે તે તમામ લોકો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયર બાનાવી શકે છે. છેલ્લા કેટલાક સમયમાં જે રીતે હોટેલ એન્ડ હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં ગ્રોથ થયો છે તેના કારણે હોટેલ ઈન્ડસ્ટ્રીઝના પ્રોફેશનલોની માંગમાં તીવ્ર વધારો થયો છે. ઈન્ડિયા બ્રાન્ડ ઈક્વિટીના કહેવા મુજબ વર્ષ ૨૦૧૫-૧૬માં ભારત આવનાર વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં આશરે સાડા સાત ટકાનો વધારો થયો છે. મોટા શહેરો સિવાય નાના નાના શહેરોમાં પણ હોટેલ અને રેસ્ટોરન્ટ ખુલી રહ્યા છે. આવી સ્થિતીમાં પોતાના કામમાં કુશળતા ધરાવતા પ્રોફેશનલ લોકોની માંગમાં તીવ્ર વધારો થયો છે. હોટેલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા કેટલાક ખાસ કોર્સ દેશના જુદા જુદા ભાગોમાં ચાલે છે. આમાંથી એક કોર્સ ફુડ પ્રોડક્શન માટે પણ છે. જો તમને ભોજન બનાવવામાં વધારે રસ છે તો ફુડ પ્રોડક્શન મેનેજર બનીને કેરિયરને આગળ વધારી દેવાની સારી તક રહેલી છે. જાણકાર લોકોના કહેવા મુજબ સ્વાદની દુનિયાની કલાને સિખવાડવા અને તેને વધારે સારી બનાવવા માટે કેટલીક સંસ્થાઓ મદદ કરે છે. પ્રવેશ મેળવી લેવા માટે અભ્યાસ કરનાર દાવેદાર દસમાં અથવા તો ૧૨ ધોરણમાં પાસ થયેલી રહે તે જરૂરી છે. દસમાં ધોરણમાં પાસ થયેલા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં અને ૧૨માં ધોરણને પાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. આ ઉપરાંત તેમાં પાક કલાની કુશળતા હોવી જોઈએ. ફુડ ક્રાફટ, ફુડ પ્રોડક્શન, ફુડ એન્ડ બેવરેજ સર્વિસ અથવા તો બેરી કન્ફેક્શનરીમાં ડિગ્રી અથવા તો ડિપ્લોમાં સર્ટિફિકેટ મેળવી શકાય છે. આમાં ડિપ્લોમાં અથવા તો ડિગ્રી મેળવી લેવામાં આવ્યા બાદ રોજગારીની કેટલીક તકો રહે છે. હોટેલ અથવા તો રેસ્ટોરન્ટ, એર કેટરિગ, રેલવે કેટેરિંગ, આર્મી કેટરિગ, ફુડ પ્રોસેસિંગ કંપનીઓ, થીમ રેસ્ટોરન્ટ, મોલ્સ, બેઝ કિચન, ક્રુઝ લાઈનર, કોર્પોરેટ કેટરિગમાં નોકરીની કેટલીક તક રહેલી છે. હોટેલ મેનેજમેન્ટના કોર્સ કરી લેવામાં આવ્યા બાદ આપને કોઈ મોટી સંસ્થા અથવા તો હોટેલ કંપનીમાં ઈન્ટર્નશીપ કરવી પડે છે. ફુડ પ્રોડક્શન મેનેજરની ટ્રેનિંગ લઈ લેવામાં આવ્યા બાદ કેટલાક સમયના અનુભવ પછી તમે ૧૮થી ૩૦ લાખ રૂપિયા સુધી વાર્ષિક પગાર મેળવી શકાય છે. અલબત્ત વેતન સંસ્થાન માટે ધોરણ અલગ હોઈ શકે છે. પરંતુ એક સારા અને કુશળ ફુડ પ્રોડક્શન મેનેજરને પ્રતિ માસ ૧૦થી ૧૫ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. દસ વર્ષના અનુભવ બાદ ૫૦ હજાર રૂપિયા સરળતાથી મળી શકે છે. એક્ઝીક્યુટીવ શેફ બની જવાની સ્થિતીમાં તો સેલેરી લાખો સુધી પહોંચી જાય છે. ભોજનને જેટલા સ્વાદિષ્ટ બનાવવાની કુશળતા રહેશે તેટલો સારો પગાર ઉમેદવારને મળે છે.



**સમય ઓનલાઇન, ઇ-કોમર્સનો છે ત્યારે સાવધાનીની જરૂરી બની....**

**ઠગ લોકોએ પણ ઓનલાઇન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઇને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઇ રહ્યા છે પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે**

# ફ્રોડના કેસો હવે સતત વધી રહ્યા છે

**૩૬ ટકા લોકો ઓનલાઇન છેતરપિંડીનો શિકાર થઇ રહ્યા છે : નવા સર્વે મુજબ ઓનલાઇન શોપિંગ સુવિધાજનક છે પરંતુ સાવધાની જરૂરી છે**

ભાગદોડની લાઈફમાં લોકો ઓનલાઇન ખરીદી અને કારોબાર તરફ વધી રહ્યા છે. પરંતુ આને લઈને કેટલીક સાવધાની જરૂરી બની ગઈ છે. કારણ કે ઓનલાઈન કારોબારના સમયમાં ઠગાઈ અને છેતરપિંડીના કેસમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. લોકો ઓનલાઈન ખરીદી કરીને કેટલીક વખત મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ઓનલાઈનનો છે. સાવધાની વધારે જરૂરી બની ગઈ છે. ઈ-કોમર્સનુ નેટવર્ક પણ હાલમાં રોકેટ ગતિથી ફેલાઈ રહ્યુ છે.




આવી સ્થિતીમાં ઠગ લોકોએ પણ ઓનલાઈન શોપિંગ, બેંક ટ્રાન્જેક્શનથી લઈને સોશિયલ મિડિયા સુધી તેમના નેટવર્કને ફેલાવી દેવામાં સફળ સાબિત થઈ રહ્યા છે. પરંતુ સામાન્ય લોકો જો થોડીક સાવધાની રાખે તો આવા ઠપ લોકોની છેતરપિંડીનો શિકાર થવાથી બચી શકે છે. તાજેતરમા ંજ જારી કરવામાં આવેલા એક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે ૩૬ ટકા લોકો ક્યારેક ક્યારેક ઓનલાઈન ચેટિંગનો શિકાર થઈ જાય છે. ઓનલાઈન બિલ પેમેન્ટ કરવા, કોઈ ઈ-કોમર્સ સાઈટ પર ગેજેટની ખરીદી કરતી વેળા અને એટીએમમાંથી પૈસા ઉપાડતી વેળા લોકો છેતરપિંડીનો શિકાર થઈ જાય છે. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૧માં બેંકોના એટીએમ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ સાથે સંબંધિત ફ્રોડના અનેક મામલા નોંધવામાં આવ્યા હતા. આ એવા ૪૯૪૫૫ કેસો કરતા અલગ છે જે ફિશિંગ, સ્કેનિંગ, હેકિંગ સાથે જોડાયેલા છે. એટલુ જ નહી આવા મામલાની સંખ્યા અનેક ગણી વધારે છે જેનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો નથી. ઓનલાઈન શોપિંગનો ક્રેઝ હાલમાં સૌથી વધારે જોવા મળે છે. તેમાં ઓનલાઈન શોપિંગ ખુબ સુવિધાજનક છે. ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કરવા અને અને ઘરની કોિ ચીજવસ્તુઓ ખરીદવા માટે હવે ઓનલાઈન શોપિંગનો ક્રેઝ વધારે જોવા મળે છે. દુખદ બાબત એ છે કે ઓનલાઈન શોપિંગમાં પણ કેટલીક પ્રકારની છેતરપિંડીની શરૂઆત થઈ ગઈ છે. કેટલાક કેસમાં ઓનલાઈન ઓર્ડર કરવામાં આવ્યા બાદ આપની પાસે પ્રોડક્ટ પહોંચી શકતી નથી. અથવા તો કેટલાક કેસમાં તુટેલી ચીજવસ્તુઓ પહોંચી જાય છે. કેટલાક કેસમાં બનાવટી ચીજ પણ પહોંચી જાય છે. કેટલાક કેસમાં ખાલી પેકેટ પણ મળી જાય છે. કેટલાક કેસમાં પથ્થર ભરેલા પેકેટ પણ મળી જાય છે. એક ગાજિયાબાદની વ્યક્તિએ માહિતી આપતા કહ્યુ છે કે ૪૬ હજાર રૂપિયામાં આઈફોન-૬ ઓર્ડર કરવામાં આવ્યા બાદ પેકેટ ઘરે પહોંચતા તેમાં પથ્થર નિકળ્યા હતા.હકીકતમાં આ સમસ્યા કોઈ પણ તબક્કામાં થઈ શકે છે. આના માટે સેલ અને ડિલિવરી વ્યવસ્થાને સમજવાની જરૂર હોય છે. ફેબ ઈન્ડિયા જેવી સાઈટસ માત્ર પોતાના પ્રોડક્ટ વેચે છે. જ્યારે મોટા ભાગની સાઈટ એવી છે જે ઘણા બધા સેલર માટે પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવે છે. ફ્લીપકાર્ટ, નો સમાવેશ થાય છે. અહીં જે ઓર્ડર અપાય છે. તે પ્રોડક્ટ વેબસાઈટ અથવા તો સેલર પોતે આપના સુધી પ્રોડક્ટસ પહોંચાડે છે. જેના કારણે પ્રોડકટસ ની ક્વાલિટી અને ડિલિવરીની ગેરંટી હોય છે. આ સાઈટો બીજા સેલરથી પેદાશો ખરીદે છે. પરંતુ તેની ક્વાલિટી ચકાસે છે. પોતે જે ડિલિવરી કરે છે. જેમ કે ફ્લીપકાર્ટ ટુંક સમયમા ંજ એફ-એશ્યોર્ડ લોંચ કરનાર છે. જેના કારણે વધારે સારી રીતે ચીજ પહોંચાડવાની વ્યવસ્થા રહેશે. એનેઝોન પણ એક પ્રાઈમ પેઈડ સર્વિસ છે. જે ૫૦૦ રૂપિયા વર્ષભરના આપવાના કેસમાં આવી સુવિધા આપે છે. ટેકનોલોજીની સારી સુવિધા ધરાવનાર ઠર લોકો કેટલીક વખત એક જેવા દેખાતા લોકો અને ડોમેન નેમની સાથે નકલી સાઈટ બનાવી નાંખે છે.

જે બિલકુલ અસલ જેવી દેખાય છે. આના મારફતે કસ્ટમરો મારફતે નાણાં વસુલ કરીને ગાયબ થઈ જાય છે. નકલી વેબસાઈટનો ઉપયોગ કરીને લોકોને જુદા જુદા લાલચ આમાં આપવામાં આવે છે. જેના ભાગરૂપે ઠગ લોકો ખુબ સફાઈથી લોકોને ગેરમાગે દોરી દેવામાં સફળ રહે છે. બીજી રીતે સાઈટ સાચી અને સેલર ખોટા તેવી બાબત હોય છે. જો તમને કોઈ પેદાશ મળતી નથી અથવા તો તુટેલી મળે છે તો વેબસાઈટ નહી બલ્કે સેલર અથવા તો કુરિયર કંપની ઠગાઈ કરનાર હોઈ શકે છે. અલબત્ત આ સાઈટ્સ પોતે પણ ખરીદારના રેટિંગ અને બીજા તરીકા સાથે સેલર પર ચાંપતી નજર રાખે છે. છતાં તમામ છેતરપિંડી કરનાર લોકોને પકડી પાડવાની બાબત સરળ હોતી નથી.



**સલાહ : ફિટનેસને જાળવીને જ કોઇ નક્કર કામો કરી શકાય છે....**

**વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે**

# હાલના સમયમાં વર્કઆઉટ ખુબ જરૂરી

**યોગ્ય સમય પર ફુલ મસ્તી અને મુડ સાથે વર્ક આઉટ કરવા અને બોડીને ફિટ રાખવા શ્રેણીબદ્ધ વિકલ્પ છે : તમામ વિકલ્પો અજમાવવાની જરૂર**

કોરોનાથી બોધપાઠ લીધા બાદ હવે લોકો આરોગ્યને લઈને વધારે સાવધાન થયા છે. કોરોના કોઈ પણ કિંમતે બિમારીથી દુર રહેવાના પ્રયાસો કરે છે. આ બાબતને ધ્યાનમાં લઈને લોકો ઈમ્યુનિટી વધારવા અને અને ફિટનેસ પ્રત્યે વધારે ધ્યાન આપી રહ્યા છે. કેટલાક લોકો ફિટનેસને લઈને ચિંતાતુર બની ગયા છે. કારણ કે તેમની પાસે વર્કઆઉટ કરવા માટે યોગ્ય માર્ગદર્શન પણ નથી. જો કે તમામ બોલિવુડના કલાકારોની જેમ જ ઘરમાં જ રહીને ફિટનેસ જાળવી શકાય છે. જો કે આના માટે સંપૂર્ણ શિસ્ત ખુબ જરૂરી છે. વર્ક આઉટ કરવા માટે સૌથી પહેલા શરીરને ફિટ કરવામાં આવે તે જરૂરી છે. ધીમી ગતિથી આની શરૂઆત કરવી જોઈએ. પોતાના રૂમમાં હળવી કસરત કરીને પણ ફિટનેસ મેળવી શકાય છે. ઘરમાં પણ રહીને ફિટનેસ જાળવી શકાય છે. આના માટે પોતાના ફેવરીટ કલાકારોના વિડિયોનો ઉપયોગ કરી શકાય છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે શરીર માટે કસરત ખુબ જરૂરી છે પરંતુ રોજ રોજ એક પ્રકારની કસરત અથવા તો વર્કઆઉટથી કેટલીક વખત કંટાળો આવવા લાગી જાય છે. જો તમે બોર થયા વગર વર્ક આઉટ કરો છો તો કોઈ તકલીફ નથી પરંતુ જો બોરિંગ અનુભવ થાય તો મસ્તીની સાથે વર્ક આઉટ કરવામાં આવે તે જરૂરી છે. ફુલ મસ્તીની સાથે દરરોજ વર્ક આઉટ કરવા માટે પણ શ્રેણીબદ્ધ વિકલ્પ રહેલા છે. બોડીને ફિટ રાખવા માટે કેટલાક વિકલ્પ સ્પષ્ટપણે રહેલા છે. જેને અજમાવીને રાહત અનુભવ કરી શકાય છે. ૯૦ના દશકમાં કોલંબિયા ફિટનેસ નિષ્ણાંતો દ્વારા શરૂ કરવામા ંઆવેલા વર્ક આઉટ હાલના દિવસોમાં ભારતમાં ખુબ લોકપ્રિય છે. લૈટિન મ્યુઝિકની સાથે તેમાં જુદા જુદા ડાન્સ ફોર્મના મિશ્રણ રહેલા છે. જેમ કે સાલસા, બેલી ડાન્સિંગ, સોકા, રિગેટન, જુમ્બાનો સમાવેશ થાય છે. જુમ્બા કેટલાક પ્રકારના હોય છે. જેમ કે સ્વિમિંગ પુલમાં એક જુમ્બા કરવામાં આવે છે. બાળકો માટે જુમ્બા કિડસ્ છે. મોટી વયના લોકો માટે જુમ્બા ગોલ્ડ છે. જુદા જુદા સંગીતના તાલ પર ઝુમવાથી પણ સારી કસરત થઈ જાય છે. પોઈલેટ્સ વર્ક આઉટ પણ ઉપયોગી છે. કમજોર ઘુટણ અને પીઠ માટે આ વર્ક આઉટ આદર્શ સાબિત થઈ શકે છે. જેને ચાદર બિછાવીને સુઈ જઈને મ્યુઝિક સાથે કરવામાં આવે છે. આના કારણે શરીરમાં તાજગી રહે છે. કમરના હિસ્સાને મજબુતી મળે છે. ફ્લેક્સિબિલિટી આવે છે. આને મોર્નિંગ વર્ક આઉટના હિરો તરીકે ગણી શકાય છે. આની શરૂઆત એક જર્મન નિષ્ણાંત દ્વારા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં આની લોકપ્રિયતા વિશ્વભરમાં વધી હતી. ત્યારબાદ લોકો આ વર્કઆઉટ તરફ આકર્ષિત થયા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પણ પાઈલેટ્સની લોકપ્રિયતા સતત વધી છે. મસાલા ભાંગડા નામથી પણ એક વર્ક આઉટ કરવામાં આવે છે. યુવા પેઢી માટે આ એક શાનદાર અને મસ્તી સાથે કરવામા ંઆવતા વર્ક આઉટ તરીકે છે. આમાં પોપ અને ભાંગડા બન્ને મિશ્ર છે. આમાં ઢોલના તાલ પર ફાસ્ટ મુવમેન્ટ રહેલા છે. આ એક તીવ્ર વર્ક આઉટ છે.વિવિધ બિમારી ખાસ કરીને હાર્ટ માટે આ એક જોરદાર કાર્ડિયો એક્ટિવિટી છે. પાઈલેટ્સ અને બોક્સિંગના યોગ્ય તરીકે પાઈલોકિસગ છે. આની શરૂઆત સ્વીડનના નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી. મહિલાઓ માટે આ ખાસ ફાયદાકારક છે. આના કારણે મહિલાઓમાં આત્મવિશ્વાસ અને ફિટનેસને લઈને વિશ્વાસ વધે છે. આ કસરતથી મનને પણ સંતોષ મળે છે. જોરદાર વર્ક આઉટ કરવાના બદલે ફુલ મસ્તીમાં વર્ક આઉટ પણ અસરકારક સાબિત થાય છે. નવા નવા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં પણ વ્યક્તિ થોડાક સમય માટે વર્ક આઉટ કરે તે જરૂરી છે. વર્કઆઉટ શરીરને ફિટ રાખવામાં અને કેટલીક ચોક્કસ બિમારીને ટાળવામાં પણ ઉપયોગી સાબિત થઈ શકે છે. મોટા ભાગના લોકોને તબીબો પણ હવે તો સવારમાં વર્કઆઉટ કરવા માટેની સલાહ આપે છે. સાથે સાથે મોટા ભાગના લોકો હવે નવા પ્રયોગ કરવા પણ લાગી ગયા છે. આના ફાયદા પણ દેખાઈ રહ્યા છે. કેટલાક લોકો નિયમિતપણે મોર્નિંગ વોક કરે છે





**ચિંતા : કેન્સરની સંખ્યા દર વર્ષે એક લાખ ૭૫ હજાર થઇ**

**બાળપણમાં કેન્સર થવાને ચાઇલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે**

# બાળકોમાં કેન્સરના કેસો વધ્યા છે

**બાળકોમાં થતા કેન્સર રોગના લક્ષણ પણ વહેલી તકે જાણી શકાતા નથી કારણ કે લક્ષણો અન્ય સામાન્ય બિમારી જેવા જ હોય છે**

ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સની અંદર ડીએનએ મોલીક્યુલ્સમાં અપરિવર્તનીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલો કરી દે છે. આ જ કેન્સર જેવી બિમારીનુ ઉત્પાદન કરવામા ચાવીરૂપ ભૂમિકા અદા કરી દે છે. આ તમામ ચીજો પણ હવે બાળકોમાં દેખાવવા લાગી ગઈ છે. બાળપણમાં કેન્સર થવાને ચાઈલ્ડ કેન્સર તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે પહેલા કેન્સર જેવી બિમારીના લક્ષણ મોટી વયના લોકોમાં જોવા મળતા હતા. પરંતુ હવે આ બિમારીના સકંજામાં બાળકો પણ આવી રહ્યા છે. કેન્સર શરીરમાં જુદા ભાગોમાં સામાન્ય કોશિકાઓના અનિયંત્રિત વૃદ્ધિના કારણે જન્મ લે છે. સામાન્ય પરિસ્થિતીમાં સેલ્સ અથવા તો કોશિષાકાના એક નિયંત્રિત તંત્ર અથવા તો વ્યવસ્થા તરીકે હોય છે. ક્યારેક ક્યારેક નોર્મલ સેલ્સ અથવા તો કોશિકાની અંદર ડીએનએ મોનીક્યુલ્સમાં અપરિવર્તીય નુકસાનના કારણે કર્સિનોજન હુમલા કરી દે છે. જેના કારણે કેન્સર જેવી ખતરનાક બિમારી ફેલાઈ જાય છે. આ તમામ ચીજો હવે બાળકોમાં પણ દેખાવવા લાગી ગઈ છે. દુનિયાભરમાં એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે ચાઈલ્ડહુડ કેન્સરની



દર વર્ષે ઘટના એક લાખ ૭૫ હજાર જેટલી છે. શોધથી એવુ પણ જાણવા મળ્યુ છે કે ચાઈલ્ડહુડ કેન્સરના કારણે મૃત્યુ પામનાર બાળકોનો મૃત્યુ દર આશરે ૨૦ ટકા જેટલો રહ્યો છે. જેમાં હાલના વર્ષોમાં ૦.૬ ટકાનો વધારો થયો છે. બાળકોમાં થનાર કેન્સરના પ્રકાર મોટી વયના લોકોમાં થનાર કેન્સર કરતા અલગ પ્રકારના હોય છે. જેમ કે લ્યુકેમિયા, બ્રેન એન્ડર અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટેમ ટ્યુમર, ન્યુરોબલાસ્ટોમાં, વિલ્મિસ ટ્યુમર, લિન્ફોમા, રેટિનોબસ્ટોપમાં અને બોન કેન્સરનો સમાવેશ થાય છે. અન્ય પ્રકારના કેન્સર બાળકોમાં જોવા મળતા નથી. પરંતુ આનો મતલબ એ બિલકુલ નથી કે અન્ય પ્રકારના કેન્સર બાળકોને થઈ શકે નહી. બોનમેરો અને બ્લડ કેન્સરને લ્યુમકેમિયા કહેવામાં આવે છે. બાળકોમાં જોવા મળતા કેન્સરમાં લ્યુમકેમિયા ૩૦ ટકા સુધી રહે છે. તેના લક્ષણ સર્વસામાન્ય હોય છે. જેમ કે હાડકામાં દુખાવા, થાક, કમજોરી, સ્કીનમાં પીળાશપણનો સમાવેશ થાય છે. કેમિયોથેરાપી આનો એકમાત્ર ઉપચાર છે. બોન કેન્સર હાડકાના કેન્સર તરીકેછે. આ શરીરના કોઈ પણ ભાગથી શરૂ થઈને થઈ શકે છે. આ રોગ ત્યારબાદ હાડકામાં ફેલાઈ જાય છે. આ રોગ હાડકામાં સોજા અને પીડા આપવાની શરૂઆત કરે છે. બ્રેન એન્ડ અદર સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યમર ચાઈલ્ડ કેન્સરના એક પ્રકાર તરીકે છે. બ્રેઈન ટ્યુમર અનેક પ્રકારના રહે છે. આ તમામના ઉપચાર પણ જુદા જુદા છે. તેમાં માથામાં દુખાવા, ઉલ્ટી થવી અને ચક્કર આવવા જેવી બાબતો હોય છે. ન્યુરોબલાસ્ટોમાં કેન્સર મોટા ભાગે નવજાત શિશુમાં જોવા મળે છે. આ રોગ ૧૦ વર્ષથી ઉપરના બાળકોને ક્યારેય થાય તેવા સંજોગો હોતા નથી. પેટમાં સોજા, હાડકામાં પીડા અને તાવ જેવા તેના લક્ષણ રહે છે. વિલ્મેસ ટ્યુમર મોટા ભાગે ચાર અથવા તો પાંચ વર્ષના બાળકોમાં જોવા મળે છે. પેટમાં ગાંઠો આના કારણે પડી જાય છે. આના કારણે ભુખ લાગતી નથી. તાવની અસર પણ રહે છે. લિમ્ફોમાં કેન્સર બાળકોમાં જોવા મળે છે. તેના લક્ષણની વાત કરવામાં આવે તો વજન ઘટવાની બાબતનો સમાવેશ થાય છે. તાવ પણ આવે છે. વારંવાર પરસેવા થાય છે. થાક પણ લાગે છે. રાબડોમસોસરકોમાં કેન્સર માથા, ગર્દન, કમર અને પેટના ભાગ સહિત શરીરના કોઈ પણ ભાગમાં થઈ શકે છે. રેટિનોબસ્ટોમાં આંખના કેન્સર તરીકે છે. સામાન્યરીતે તે બે વર્ષની વયના બાળકોમાં જોવા મળે છે. લક્ષણ તરીકે આંખમાં લાલ રંગ નજરે પડે છે. આંખો હમેંશા લાલ અથવા તો સફેંદ નજરે પડે છે. કેન્સર નિષ્ણાંત તબીબો કહે છે કે કેન્સરના લક્ષણોને ઓળખી કાઢવાની બાબત સામાન્યરીતે મુશ્કેલ હોય છે. કારણ કે તેના તમામ લક્ષણ અન્ય સામાન્ય બિમારીની જેમ જ હોય છે. આ પ્રકારની પિડા થવાની સ્થિતીમાં બાળકની કાળજી સૌથી મહત્વપૂર્ણ બાબત રહે છે. કેન્સર રોગ કેટલી ઝડપથી વધે છે તે બાબત પણ મહત્વપૂર્ણ બની જાય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

### ફ્રેન્ચ બોયફ્રેન્ડ સાથે રિલેશનશીપમાં હતી

# બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતનું વર્ષો બાદ બ્રેકઅપ



હિન્દી ફિલ્મ જગતની બોલ્ડ અભિનેત્રી મલ્લિકા શેરાવતે નિર્માતા મહેશ ભટ્ટની ફિલ્મ મર્ડરથી સનસનાટી મચાવીને ૨૦ વર્ષ પહેલા મલ્લિકાએ રાતોરાત પ્રસિદ્ધિ મેળવી હતી. એક્ટર ઈમરાન હાશ્મી સાથે ફિલ્મમાં તેના બોલ્ડ સીન્સની ભરમાર તે સમયે ખૂબ જ ચર્ચાનો વિષય બન્યા હતા.એક્ટિંગ કરિયર ઉપરાંત મલ્લિકા શેરાવત પોતાની પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ એક મીડિયા ઈનટરવ્યુ દરમિયાન તેણે પોતાની લવ લાઈફને લઈને ખુલાસો કર્યો છે, તેને જાણીને તેના ચાહકોને ઝટકો લાગી શકે છે. એક્ટ્રેસે પોતાના બ્રેકઅપ પર મહોર લગાવી છે. બોલિવૂડ સેલેબ્સની પર્સનલ લાઈફ હંમેશાથી ચાહકો વચ્ચે ગોસિપનો એક મહત્વપૂર્ણ મુદ્દો રહે છે. દાખલા તરીકે હાલમાં અભિનેતા અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય અવાર નવાર ચર્ચામાં રહે છે. પરંતુ હાલમાં મલ્લિકા શેરાવતના બ્રેકઅપના સમાચારે આવા જ મામલાને વધુ વેગ આપ્યો છે. તાજેતરમાં જ મલ્લિકાએ એક ઈન્ટરવ્યુમાં પોતાના બ્રેકઅપની વાત કબૂલી છે. અભિનેત્રીએ કહ્યું કે, 'હા એ સત્ય છે કે મારું બ્રેકઅપ થઈ ગયું છે. લાંબા સમયથી હું અને સિરિલ ઓક્સેનફેન્સ એક સાથે હતા, પરંતુ હવે અમે અલગ થઈ ગયા છે. હાલના સમયમાં એક યોગ્ય વ્યક્તિની તલાશ કરવી ખૂબ જ મુશ્કેલ છે. હું આ મામલે વિસ્તારથી વાત કરવા નથી માગતી. હાલમાં હું સિંગલ છું.' આમ, અભિનેત્રીએ પોતાના બ્રેકઅપની પુષ્ટિ કરી છે. મલ્લિકા શેરાવત લાંબા સમયથી ફ્રેન્ચ નાગરિક સિરિલ ઓક્સેનફેન્સને ડેટ કરી હતી અને તેની સાથે રિલેશનશિપમાં હતી. જ્યારે તેની કારકિર્દી કંઈ ખાસ નહોતી ચાલી રહી, ત્યારે તે સિરિલ સાથે પેરિસ શિફ્ટ થઈ ગઈ હતી.

# શ્વેતા તિવારીએ ૮ વર્ષ નાના એક્ટર સાથે કરી લીધા લગ્ન ?

### વેડિંગ કપલ ફોટો થયો વાયરલ



એક્ટ્રેસ શ્વેતા તિવારી પોતાની પર્સનલ લાઈફને લઈને અવારનવાર ચર્ચામાં રહે છે. તેણે બે લગ્ન કર્યા હતા અને બંને લગ્ન ટક્યા ન હતા. શ્વેતાના છૂટાછેડા થઈ ગયા છે અને હવે તે પોતાના બે બાળકો અને કેરિયર પર ધ્યાન આપી રહી છે. હાલમાં જ શ્વેતાનો એક ફોટો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જે બાદ તેના ત્રીજા લગ્નની અફવાઓનું બજાર ગરમ થઈ ગયું છે.ફોટામાં, શ્વેતા દુલ્હનના પોશાકમાં સજ્જ જોવા મળે છે અને તે અભિનેતા વિશાલ આદિત્ય સિંહ સાથે લગ્ન કરતી જોવા મળે છે, જે તેના કરતા ૮ વર્ષ નાના છે. શ્વેતા અને આદિત્યએ કલર કોઓર્ડિનેટેડ પોશાક પહેર્યા છે અને તેમના ગળામાં સફેદ ગુલાબની માળા છે. શ્વેતાની માંગમાં સિંદૂર પણ દેખાય છે. પરંતુ આ વાયરલ ફોટોમાં જે સત્ય દેખાઈ રહ્યું છે તે નથી.વાસ્તવમાં, આ એક મૉર્ફ કરેલો/બનાવટી ફોટો છે. આ વાસ્તવિક ફોટો અભિનેત્રી સ્વરા ભાસ્કરના સમાજવાદી પાર્ટીના નેતા ફહાદ અહેમદ સાથેના લગ્નના રજિસ્ટ્રેશનનો ફોટો છે. આ ફોટો પર કોઈએ વિશાલ આદિત્ય સિંહ અને શ્વેતા તિવારીના ચહેરાને એડિટ કર્યો છે. શ્વેતા અને વિશાલના લગ્નનો આ ફોટો સાવ ખોટો છે.શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહ સારા મિત્રો છે. તે ખતરોં કે ખિલાડીમાં પણ જોવા મળ્યો હતો. તેમના અફેર વિશે અફવાઓ પણ ફેલાઈ ચૂકી છે. પરંતુ કલાકારોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે અને તેનાથી વધુ કંઈ નથી. બંનેએ બેગુસરાયમાં પણ સાથે કામ કર્યું હતું.શ્વેતાની વાત કરીએ તો તેના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા.

# ભાગમ ભાગ ૨ નક્કીઃ અક્ષય-ગોવિંદા ૧૮ વર્ષે ભેગા થશે

### ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે




ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે. ગોવિંદા, અક્ષય કુમાર અને પરેશ રાવલના લીડ રોલ ધરાવતી 'ભાગમ ભાગ'ને કલ્ટ કોમેડી ગણવામાં આવે છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મની સીક્વલ બનાવવાની તજવીજ શરૂ થઈ છે, જેના કારણે ૧૮ વર્ષના લાંબા બ્રેક પછી અક્ષય કુમાર અને ગોવિંદા સાથે કામ કરતા જોવા મળશે. 'ભાગમ ભાગ'ની રિલીઝ થઈ તે સમયે સોશિયલ મીડિયાનો દબદબો શરૂ થયેલો ન હતો. સોશિયલ મીડિયા પર બહુ ઝડપથી ટ્રેન્ડ બદલાતા રહે છે ત્યારે 'ભાગમ ભાગ'ની વીડિયો ક્લિપ સતત વાઈરલ થતી રહે છે. સમય અને સંજોગો અનુસાર આ ફિલ્મની શોર્ટ્સ બનવીને શેર કરવાનું આજની પેઢીને પણ ગમે છે. પ્રિયદર્શનના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને કોમેડી જોનરમાં અક્ષય કુમારની 'હેરાફેરી' અને 'વેલકમ' સમકક્ષ ગણવામાં આવે છે. 'હેરાફેરી' અને 'વેલકમ'ની સીક્વલ્સ બનેલી છે અને હજુ બનવાની છે. 'ભાગમ ભાગ'ની સીક્વલ હજુ બની નથી. આ ફિલ્મના રાઈટ્સ શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસે છે. સરિતા અશ્વિન વર્દેએ આ રાઈટ્સ ખરીદી લીધા છે અને સ્ક્રિપ્ટનું કામ હાલ ચાલી રહ્યું છે. રોરિંગ રિવર પ્રોડક્શન્સ અને શેમારૂ એન્ટરટેઈનમેન્ટ ભેગા થઈને 'ભાગમ ભાગ ૨' બનાવવાના છે. સરિતા વર્દેના પતિ અશ્વિન વર્દે અગાઉ બોસ, મુબારકન, કબીરસિંગ, ઓહ માય ગોડ ૨ અને ખેલ ખેલ મેં જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. ફિલ્મની સ્ક્રિપ્ટ જાન્યુઆરી સુધીમાં ફાઈનલ થઈ જશે.

# રણવીર- દીપિકાએ પોતાની જ બિલ્ડિંગમાં બીજો ફ્લેટ ભાડે લીધો



દીપિકા પદુકોણ અને રણવીર સિંહ મુંબઈમાં પ્રભાદેવી પાસે જે બિલ્ડિંગમાં માલિકીનો ફ્લેટ ધરાવે છે તે જ બિલ્ડિંગમાં તેમણે મહિને સાત લાખ રુપિયાના ભાડે બીજો ફ્લેટ લીધો છે. ભાડે લીધેલો ફ્લેટ ૨૩૧૯ ચોરસ ફૂટનો છે. તે ૨૪મા માળે આવેલો છે. આ ફ્લેટ સાથે તેમને ત્રણ કાર પાર્કિંગ પણ મળશે. દીપિકાઅને રણવીરે આ ફ્લેટ માટે ૩ વરસનું એગ્રીમેન્ટ કર્યું છે. જેના માટે તેમણે રૂપિયા ૨૧ લાખ ડિપોઝિટ પેઠે આપ્યા છે. ૧૩ નવેમ્બરના રોજ થયેલા એગ્રીમેન્ટ પ્રમાણે પહેલા ૧૮ મહિના માટે આ ફ્લેટનું ભાડું રુપિયા સાત લાખ રહેશે. આ પછીના ૧૮ મહિના માટે ૭.૩૫ લાખ રૂપિયા ભાડા પેટે આપવા પડશે. દીપિકા અને રણવીર બાંદરામાં તેમનું ડ્રીમ હોમ ૧૦૦ કરોડના ખર્ચે સજાવી રહ્યાં છે. આ ઉપરાંત મુંબઈ નજીકનાં અલીબાગ સહિતનાં સ્થળે પણ તેમની પ્રોપર્ટી છે. મુંબઈના પ્રભાદેવીની બિલ્ડિંગમાં એક ફ્લેટ ખરીદેલો છે, બીજા માટે મહિને સાત લાખ ભાડું આપશે.

# જાન્હવી કપૂરની બીજી તેલુગુ ફિલ્મનું મૈસૂરુમાં શૂટિંગ શરૂ

### ડાયરેક્ટરે ચામંડેશ્વરી માતાના દર્શન બાદ શરૂઆત કરી

જુનિયર એનટીઆર સાથે 'દેવરા'ની રિલીઝ પછી જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મનું શૂટિંગ શરૂ થયું છે. મૈસૂરુમાં ચામુંડેશ્વરી માતાના મંદિરમાં દર્શન બાદ ડાયરેક્ટર બુચી બાબુએ ફિલ્મની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં જાન્હવીની સાથે લીડ રોલમાં રામચરન છે. ફિલ્મની લીડ કાસ્ટ સોમવારથી શૂટિંગમાં જોડાઈ શકે છે. ડાયરેક્ટર બુચીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી માતાના દર્શન બાદ શુભેચ્છકોના આશીર્વાદ માગ્યા હતા. જાન્હવીએ પ્રાર્થના અને તાળીઓની ઈમોજી સાથે આ પોસ્ટ પર રીએક્ટ કર્યું હતું. 'મગધીરા'માં રામચરન સાથે કામ કરનારા દેવ ગિલે પણ કોમેન્ટ કરી હતી. ફિલ્મમાં જગપતિ બાબુનો મહત્ત્વનો રોલ છે અને તેઓ પોતાના દમદાર રોલથી આખી ફિલ્મ પર છવાઈ જવા તૈયાર છે. જગપતિ અને રામચરને અગાઉ ડાયરેક્ટર સુકુમારની ફિલ્મ રંગસ્થલમમાં સાથે કામ કરેલું છે. જાન્હવી અને રામચરન પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. રામચરન અને જાન્હવીના સ્ક્રિન શેરના દૃશ્યો સોમવારે શૂટ થઈ શકે છે. આ ફિલ્મ માટે રામચરને આકરી મહેનત કરીને ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કર્યું છે. જાન્હવી અને રામચરન સાથે પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનું આયોજન થયું છે. જાન્હવીએ જુનિયર એનટીઆર સાથે કરેલી 'દેવરા'ને બોક્સઓફિસ પર ઠંડો રિસ્પોન્સ મળ્યો હતો. રામચરન સાથેની આગામી ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. તેને હાલ આરસી૧૬ તરીકે ઓળખવામાં આવે છે. જાન્હવીની બીજી તેલુગુ ફિલ્મને કેવો રિસ્પોન્સ મળે છે તે જોવું રહ્યું.



# પીએમ મોદીની અપીલ બાદ ધ સાબરમતી રિપોર્ટની કમાણીમાં જંગી ઉછાળો

વિક્રાંત મેસીની ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. જો કે આ ફિલ્મ રીલીઝ પહેલાથી જ ચર્ચાઓમાં ચાલી રહી છે. રિલીઝ થયા પછી ભલે ફિલ્મને શાનદાર ઓપનિંગ ન મળી હોય, પરંતુ ફિલ્મને ખૂબ જ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે. ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ' બોક્સ ઓફિસ પર ધીમે ધીમે પરંતુ સતત કમાણી કરી રહી છે.ફિલ્મના બોક્સ ઓફિસ કલેક્શનની વાત કરીએ તો ધ સાબરમતી રિપોર્ટનું ઓપનિંગ ડે કલેક્શન ૧ કરોડ ૨૫ લાખ રૂપિયા હતું. પહેલા જ રવિવારે ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર ૩ કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું હતું. પ્રથમ અઠવાડિયું પૂરું થતાં સુધીમાં ફિલ્મે ૧૧ કરોડ ૫૦ લાખ રૂપિયાની કમાણી કરી લીધી હતી. આ વીકેન્ડમાં પણ ફિલ્મની કમાણીમાં જોરદાર ગ્રોથ જોવા મળ્યો છે. શુક્રવારે ૧ કરોડ ૪૦ લાખ રૂપિયાની કમાણી કર્યા પછી, શનિવારે તેણે લગભગ ૮૬ ટકાનો બિઝનેસ ગ્રોથ બતાવ્યો છે. અહેવાલો અનુસાર, ફિલ્મનું શનિવારે કલેક્શન ૨ કરોડ ૬૦ લાખ રૂપિયા રહ્યું છે.વિક્રાંત મેસી અને રાશિ ખન્ના અભિનીત ગોધરા કાંડ પર આધારિત, આ ફિલ્મ સત્ય હકીકતની આસપાસ વણાયેલી છે અને દર્શકોને એક રોમાંચક પ્રવાસ પર લઈ જાય છે જેમાં ડ્રામા, થ્રિલર અને ઘણી બધી લાગણીઓ છે.




# 'કંગુવા' ઈફેક્ટઃ સુરિયાની આગામી ફિલ્મ 'કર્ણ' અટકી

તમિલ સુપરસ્ટાર સુરિયાની 'કંગુવા'નો બોક્સઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી 'કંગુવા'ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે 'કર્ણ'નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની 'કંગુવા' પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ 'કર્ણ'ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ 'કર્ણ' બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને 'કંગુવા'ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે 'કર્ણ'માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી.




# માલદીવ્સમાં પલક તિવારી વેકેશનમાં ઈબ્રાહિમ પણ સાથે છે?

### ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી છે પલક

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૦૨૪ના વર્ષની વિદાય પહેલાં નવી જોડીઓ બની હોવાના ખુલાસા થઈ રહ્યા છે. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાના લગ્ન ઉપરાંત વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના રિલેશન્સ અંગે કન્ફર્મેશન બાદ પલક તિવારી અને ઈબ્રાહિમ અલી ખાન ડેટિંગ કરી રહ્યા હોવાની અટકળોને પણ સમર્થન મળ્યું છે. પલક તિવારીએ માલદીવ્સમાં વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. આ ફોટોગ્રાફ્સ ઈબ્રાહિમે જ ક્લિક કર્યા હોવાનું અનુમાન છે. ટીવી સ્ટાર શ્વેતા તિવારીની દીકરી પલકે સલમાન ખાનની ફિલ્મ કિસી કા ભાઈ કિસી કી જાન સાથે બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. ફિલ્મની રિલીઝ પૂર્વે જ પલકે સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈને મોટો ફેનબેઝ ઊભો કર્યો છે. પોતાના ફોલોઅર્સ સાથે કનેક્ટ રહેતી પલકે તાજેતરમાં માલદીવ્સ વેકેશનના ફોટોગ્રાફ્સ શેર કર્યા છે. પિન્ક કલરના ડ્રેસમાં તેણે અલગ-અલગ લોકેશન્સ પરથી સેલ્ફી અને ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સેલ્ફી તો પલકે જાતે લીધી હોય, પરંતુ તેનું ગ્લેમરસ ફોટોશૂટ ઈબ્રાહિમ અલી ખાને કર્યું હોવાનું અનુમાન છે. સૈફ અલી ખાનનો દીકરો ઈબ્રાહિમ અલી ખાન અને પલક તિવારી ડેટિંગ કરી રહ્યા હોવાનું લાંબા સમયથી કહેવાય છે. પલકે ફોટોગ્રાફ્સ શેર કર્યાના થોડા સમય બાદ માલદીવ્સમાં આ જ લોકેશન પરથી ઈબ્રાહિમે પણ ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. જેથી પલક અને ઈબ્રાહિમ સાથે હોવાની અટકળોને વેગ મળ્યો છે. પલકે માલદીવ્સ વેકેશન ફોટોગ્રાફ્સ થોડા સમય અગાઉ શેર કર્યા ત્યારે આ પ્રકારની અટકળો શરૂ થઈ ન હતી.



### દિલ્હી, યુપી, પંજાબ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી

# દિલ્હી-યુપીમાં ગાઢ ધુમ્મસની ચેતવણી । હિમવર્ષાને કારણે તાપમાનમાં ઘટાડો

**પહાડોમાં હિમવર્ષાના કારણે હવે મેદાનો પર તેની અસર જોવા મળી રહી છે. દિલ્હી, યુપી, પંજાબ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી છે**

। નવીદિલ્હી, તા.૨૯ ।

પહાડોમાં હિમવર્ષાના કારણે હવે મેદાનો પર તેની અસર જોવા મળી રહી છે. દિલ્હી, યુપી, પંજાબ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડી વધવા લાગી છે. આ સાથે હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો માટે ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે કહ્યું કે દિલ્હી-એનસીઆરમાં આગામી થોડા દિવસોમાં ધુમ્મસનો પ્રકોપ જોવા મળશે. તે જ સમયે, કાશ્મીર અને હિમાચલમાં હિમવર્ષા થઈ રહી છે.કાશ્મીરના ઘણા વિસ્તારોમાં હિમવર્ષા થઈ હતી. મેદાનોમાં ઠંડીનો સીધો સંબંધ પહાડોમાં હિમવર્ષા સાથે છે. હકીકતમાં, પહાડો પરથી આવતા ઠંડા પવનોને કારણે દિલ્હી, હરિયાણા અને યુપીના ઘણા શહેરોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. આગામી ત્રણમાં હવામાનમાં ઝડપથી ફેરફાર થશે.મોસમી વધઘટ વચ્ચે શુક્રવારે હવાની ગુણવત્તા 'ખૂબ નબળી' શ્રેણીમાં રહી હતી. દિલ્હીનો એકયુઆઈ ૪૦૦ થી નીચે રહ્યો. કોઈપણ વિસ્તારમાં પવન 'ગંભીર' શ્રેણીમાં નોંધાયો ન હતો. આવી જ સ્થિતિ એનસીઆર શહેરોમાં પણ જોવા મળી હતી. બીજી તરફ દિલ્હીમાં સવાર સિઝનની સૌથી ઠંડી રહી હતી.સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા જારી કરાયેલ એર ક્વોલિટી બુલેટિન અનુસાર,દિલ્હીનો એકયુઆઈ ૩૨૫ હતો. એક દિવસ પહેલા બુધવારે આ રેકોર્ડ ૩૦૩ હતો. એટલે કે ૨૪ કલાકની અંદર તેમાં ૨૨ પોઈન્ટનો વધારો જોવા મળ્યો. તે સ્વિસ એપ્લિકેશન એકયુઆઈ પર ૩૧૫ પર રેકોર્ડ કરવામાં આવ્યું હતું. તે જ સમયે, દિલ્હીના ૩૯ માંથી ૩૧ મોનિટરિંગ સ્ટેશનોની હવા 'ખૂબ જ નબળી' શ્રેણીમાં, સાત 'ખરાબ' અને બવાનામાં એક 'ગંભીર' શ્રેણીમાં નોંધવામાં આવી હતી.બીજી તરફ, દિલ્હીનું લઘુત્તમ તાપમાન સામાન્ય સ્તરે ૧૦.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે આ સિઝનમાં અત્યાર સુધીનો સૌથી ઓછો છે.

### એકનાથ શિંદેએ બે મહત્વપૂર્ણ બેઠકો રદ્દ કરી તેમના ગામ સતારા પહોંચ્યા

# ૧ ડિસેમ્બરે બીજેપી ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે જેમાં ફડનવીસને મુખ્યમંત્રી બનાવવાનો પ્રસ્તાવ મંજુર કરાશે

**બેઠકમાં ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવામાં આવશે. બેઠકમાં દેવેન્દ્ર ફડણવીસના નામને મંજૂરી મળી શકે । મુખ્યમંત્રી પદની રેસમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ લગભગ ફાઈનલ થઈ ગયું**

। મુંબઇ, તા.૨૯ ।



મહારાષ્ટ્રમાં મહાગઠબંધન સરકારની ફોર્મ્યુલા લગભગ તૈયાર છે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૧ ડિસેમ્બરે બીજેપી ધારાસભ્ય દળની બેઠક યોજાઈ શકે છે. આ બેઠકમાં ભાજપ ધારાસભ્ય દળના નેતાની પસંદગી કરવામાં આવશે. બેઠકમાં દેવેન્દ્ર ફડણવીસના નામને મંજૂરી મળી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુખ્યમંત્રી પદની રેસમાં દેવેન્દ્ર ફડણવીસનું નામ લગભગ ફાઈનલ થઈ ગયું છે. સરકારની રચનામાં એક સીએમ અને બે ડેપ્યુટી સીએમની ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રની નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૫ ડિસેમ્બરે યોજાઈ શકે છે. શપથ ગ્રહણ સમારોહ આઝાદ મેદાનમાં યોજાય તેવી શક્યતા છે. તેમાં ભાજપના મોટા નેતાઓ અને એનડીએ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ડેપ્યુટી સીએમ સામેલ થઈ શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે દેવેન્દ્ર ફડણવીસ મુખ્યમંત્રી અને એકનાથ શિંદે અને અજિત પવાર ડેપ્યુટી સીએમ તરીકે શપથ લઈ શકે છે.સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મહાગઠબંધન સરકારમાં ભાજપ પાસે ૧૭ કેબિનેટ મંત્રીઓ હોઈ શકે છે. ભાજપ કેબિનેટમાં ૫૦ ટકા નવા અને ૫૦ ટકા જૂના ચહેરાઓને તક આપી શકે છે. એકનાથ શિંદે જૂથમાંથી ૯ કેબિનેટ મંત્રીઓ હોઈ શકે છે. અજિત પવારના જૂથમાંથી ૭ કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે.મહારાષ્ટ્રના મુખ્યપ્રધાનના નામની જાહેરાતને લઈને ચાલી રહેલા સસ્પેન્સ વચ્ચે એકનાથ શિંદેએ બે મહત્વપૂર્ણ બેઠકો રદ્દ કરી દીધી છે અને સૂત્રોનું માનીએ તો તેઓ તેમના ગામ સતારા પહોંચી ગયા છે શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર સાથે, ગુરુવારે મોડી રાત્રે અમિત શાહ અને જેપી નડ્ડા સાથે મહારાષ્ટ્રમાં આગામી સરકારને લઈને મળ્યા હતા જ્યારે ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી મળી હતી.

### ન્યૂઝ બ્રિફ



## અભિનેત્રી કીર્તિ સુરેશ ડેસ્ટિનેશન વેડિંગ કરીને નવી શરૂઆત કરવા જઈ રહી છે

। મુંબઇ,તા.૨૯ ।

ચિરંજીવી, રજનીકાંત, થાલાપતિ વિજય, મહેશ બાબુ અને વરલક્ષ્મી સરથકુમાર જેવા દિગ્ગજ કલાકારો સાથે કામ કરી ચૂકેલ કીર્તિ સુરેશ આ દિવસોમાં પોતાના અંગત અને વ્યાવસાયિક જીવનને કારણે ચર્ચામાં છે. જ્યારે નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલા ૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ લગ્ન કરશે, ત્યારે દક્ષિણની ટોચની અભિનેત્રીઓમાંની એક કીર્તિ સુરેશ પણ લગ્ન કરવા તૈયાર છે. તેણે પોતાના બાળપણના પ્રેમને પોતાના સાથી તરીકે પસંદ કર્યો છે. કીર્તિ સુરેશ ક્યારે, ક્યાં અને કેવી રીતે લગ્ન કરવા જઈ રહી છે તેનો ખુલાસો થયો છે.કીર્તિ સુરેશે હાલમાં જ એક સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા બિઝનેસમેન એન્ટોની થટિલ સાથેના તેના સંબંધોની પુષ્ટિ કરી છે, જેના પછી લોકોના મનમાં એક જ પ્રશ્ન છે કે આ મિસ્ટ્રી મેન કોણ છે. આ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ એન્ટની છે, જે તેના સ્કૂલના દિવસોનો બોયફ્રેન્ડ છે. એન્ટોની થટીલ દુબઈના જાણીતા બિઝનેસમેન છે જે મૂળ કોચીના છે. જેમ કે કેપલાથ હબીબ ફારૂક અને એસ્પેરોસ વિન્ડો સોલ્યુશન્સ. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલા પછી હવે કીર્તિ સુરેશ અને એન્ટની થટીલ તેમના લગ્નને લઈને સમાચારોમાં છે.

## શિલ્પા શેટ્ટીના ઘરે ઈડીના દરોડા, મની લોન્ડરિંગ કેસમાં પતિ રાજ કુન્દ્રાની ધરપકડ

। મુંબઇ, તા.૨૯ ।

પોર્નોગ્રાફી કેસમાં શુક્રવારે ઈડીએ સાંતાક્રુઝમાં શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રાના ઘરે દરોડા પાડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, આ દરોડાની કાર્યવાહી સવારે ૬ વાગ્યાથી શરૂ થઈ હતી અને મોડે સુધી ચાલી હતી. આ કેસમાં અગાઉ રાજ કુન્દ્રાની પણ ધરપકડ કરવામાં આવી છે. ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિના ઘર સહિત અન્ય સ્થળોએ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. તપાસ એજન્સી ૧૫ સ્થળોએ સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. મહારાષ્ટ્ર સહિત ઉત્તર પ્રદેશમાં ઘણી જગ્યાએ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.તમને જણાવી દઈએ કે શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા પર બિટકોઈન દ્વારા મની લોન્ડરિંગનો આરોપ છે. જેના કારણે ઈડીએ આ મામલે તપાસ કરી હતી. જે બાદ ૩ ઓક્ટોબરે ઈડીએ શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રાને જુહુનો બંગલો અને પુણેનું ફાર્મહાઉસ ખાલી કરવાની નોટિસ આપી હતી.

## મુંબઈ ડ્રગ્સ કેસમાં એજાઝ ખાનની પત્નીની ધરપકડ

। મુંબઇ, તા.૨૯ ।

મુંબઈ ડ્રગ્સ કેસમાં એજાઝ ખાનની મુશ્કેલીઓનો અંત આવવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. ૮ ઓક્ટોબરે કસ્ટમ વિભાગે એજાઝ ખાનની ઓફિસ પર દરોડા પાડ્યા હતા અને હવે એજાઝ ખાનની પત્નીની પણ ધરપકડ કરવામાં આવી છે. અભિનેતાની પત્નીનું નામ ફાલોન ગુલીવાલા છે અને કસ્ટમ પોલીસે જોગેશ્વરીમાં તેના ઘરેથી દરોડા પાડ્યા બાદ તેની ધરપકડ કરી છે. આવો તમને જણાવીએ કે શું છે સમગ્ર મામલો.આ મામલો એજાઝ ખાનના સ્ટાફ મેમ્બર સૂરજ ગૌર સાથે પણ જોડાયેલો છે. ઑક્ટોબરમાં કસ્ટમ વિભાગે વીરા દેસાઈ રોડ પર આવેલી અભિનેતાની ઑફિસ પર દરોડા પાડ્યા હતા. 'મિડ ડે'ના અહેવાલ મુજબ, પોલીસે ત્યારબાદ ૩૫ લાખ રૂપિયાની કિંમતનું ૧૦ ગ્રામ સ્ફ્રસ્છ રિકવર કર્યું હતું. હવે અહેવાલો કહે છે કે આ કેસમાં પોલીસને માહિતી મળી હતી કે ફલોન ગુલીવાલા પણ ડ્રગ્સ કેસમાં સામેલ છે. આવી સ્થિતિમાં, કસ્ટમ વિભાગે મળેલી માહિતીને અનુસરીને ગુરુવારે જોગેશ્વરીમાં અભિનેતાના ફ્લેટ પર દરોડા પાડ્યા હતા.

### બીસીસીઆઇ અને પીસીબી વચ્ચે ટૂર્નામેન્ટને લઈને વિવાદ

## ભવિષ્યમાં ભારતમાં યોજાનારી ટૂર્નામેન્ટ માટે પણ આવી માંગ કરાશે : પીસીબી

**બીસીસીઆઇએ બંને બોર્ડ વચ્ચેના મતભેદોને દૂર કરવા માટે વર્ચ્યુઅલ મીટિંગનું આયોજન કર્યું છે**

। કરાંચી,તા.૨૯ ।

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આવતા વર્ષે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની કરવા જઈ રહ્યું છે. પરંતુ બીસીસીઆઈ અને પીસીબી વચ્ચે આ ટૂર્નામેન્ટના આયોજનને લઈને વિવાદ ખતમ થઈ રહ્યો નથી. હવે બીસીસીઆઈએ બંને બોર્ડ વચ્ચેના મતભેદોને દૂર કરવા માટે વર્ચ્યુઅલ મીટિંગનું આયોજન કર્યું છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ સમય દરમિયાન આઈસીસી ટૂર્નામેન્ટને હાઈબ્રિડ મોડલમાં યોજવા માટે પાકિસ્તાન પર દબાણ કરશે. આ દરમિયાન પીસીબીએ હવે એક નવી ધમકી આપી છે, જેમાં તેણે કહ્યું છે કે જો આવું થશે તો તે ભવિષ્યમાં ચેમ્પિયન્સ ટ્રોફીનો બદલો પણ લેશે અને ભારત સામે પણ આવી જ માંગ કરશે.ચેમ્પિયન્સ ટ્રોફી બાદ ભારતમાં બે મોટી ટૂર્નામેન્ટ યોજાવાની છે. આવતા વર્ષે ભારત દ્વારા મહિલા વનડે વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવનાર છે. આ પછી ૨૦૨૬માં ભારત અને શ્રીલંકામાં મેન્સ ટી૨૦ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે. આ જોતાં પીસીબી પણ બીસીસીઆઈ જેવું જ વલણ અપનાવી શકે છે. ધ ટેલિગ્રાફે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે જો ચેમ્પિયન્સ ટ્રોફીને હાઈબ્રિડ મોડલમાં આયોજિત કરવાની ફરજ પાડવામાં આવશે, તો તે આગામી બે મોટી ટૂર્નામેન્ટ માટે પણ આ જ માંગ કરશે. સૂત્રોનું માનીએ તો પીસીબીએ ધમકી આપી છે કે ભવિષ્યમાં તે મહિલા વનડે વર્લ્ડ કપ માટે તેની ટીમ ભારત નહીં મોકલે. આ માટે પણ હાઈબ્રિડ મોડલ આઈસીસીને અપનાવવું પડશે. આ સિવાય તે ટ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની તમામ મેચો ભારતમાં નહીં પરંતુ શ્રીલંકામાં રમશે.

### યુક્રેન મિસાઈલ અને ડ્રોનથી હચમચી ગયું

# યુક્રેન પર ૯૦થી વધુ મિસાઈલ અને ૧૦૦ ડ્રોનથી હુમલો, હાઈપરસોનિક મિસાઈલ છોડવાની ધમકી

**ક્રેમલિનના વડાએ કિવ પરના હુમલાને પશ્ચિમી મિસાઇલો સાથે તેના પ્રદેશ પર યુક્રેનિયન હુમલાનો "જવાબ" તરીકે વર્ણવ્યો હતો**

। કિવ,તા.૨૯ ।



અમેરિકન અને બ્રિટિશ હથિયારો દ્વારા મોસ્કો પર થયેલા હુમલા બાદ રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ધીરજનો દોર તૂટી ગયો છે. હવે તેની સૂચના પર રશિયન સૈન્ય કિવમાં વિનાશ મચાવી રહ્યું છે. બુધવારે યુક્રેન પર ૯૦ થી વધુ મિસાઈલ અને ૧૦૦ ડ્રોન છોડવામાં આવ્યા હતા. આનાથી યુક્રેન હચમચી ગયું. એટલું જ નહીં, પુતિને હવે યુક્રેન પર હાઈપરસોનિક મિસાઈલથી હુમલો કરવાની ધમકી આપી છે.આ દરમિયાન કિવે એ પણ કહ્યું કે રશિયાએ બેરેજ દરમિયાન ૯૦ થી વધુ મિસાઈલ અને લગભગ ૧૦૦ ડ્રોન છોડ્યા. ક્રેમલિનના વડાએ કિવ પરના હુમલાને પશ્ચિમી મિસાઈલો સાથે તેના પ્રદેશ પર યુક્રેનિયન હુમલાનો "જવાબ" તરીકે વર્ણવ્યો હતો.રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુટિને રશિયાની નવી હાઈપરસોનિક મિસાઈલ સાથે કિવમાં "નિર્ણય-નિર્માણ કેન્દ્રો" પર હુમલો કરવાની ધમકી આપ્યાના કલાકો પછી, મોસ્કોએ એક હુમલામાં યુક્રેનની ઉર્જા ગ્રીડને નષ્ટ કરી દીધી હતી જેનાથી એક મિલિયન લોકો વીજળીથી વંચિત હતા. તમને જણાવી દઈએ કે લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલ યુદ્ધ તાજેતરના સમયમાં વધુ તીવ્ર બન્યું છે. જાન્યુઆરીમાં ડોનાલ્ડ ટ્રમ્પે યુએસમાં સત્તા સંભાળી તે પહેલા યુક્રેન પશ્ચિમી દેશો પાસેથી નવા હથિયારો મેળવે છે. ઉપરાંત, તેણે પ્રથમ વખત વિદેશી હથિયારો વડે રશિયાને નિશાન બનાવ્યું છે. ત્યારથી બંને પક્ષોએ નવા હથિયારો તૈનાત કર્યા છે."અમે કિવ સહિત સૈન્ય, લશ્કરી-ઔદ્યોગિક અથવા નિર્ણય લેવાના કેન્દ્રો સામે ઓરેશ્નિકના ઉપયોગને નકારી શકતા નથી," હવે તેની સૂચના પર રશિયન સૈન્ય કિવમાં વિનાશ મચાવી રહ્યું છે.

## એમ્બ્યુલન્સમાં ૧૬ વર્ષની સગીરા પર બળાત્કાર, બહેન અને વહુ ફરાર

। ભોપાલ, તા.૨૯ ।

મધ્યપ્રદેશના મૌગંજ જિલ્લામાં ૧૬ વર્ષની બાળકી પર ચાલતી એમ્બ્યુલન્સમાં કથિત બળાત્કારની ઘટના સામે આવી છે. પોલીસે આ માહિતી આપી હતી. ચાલતી એમ્બ્યુલન્સમાં ૧૬ વર્ષની છોકરી પર કથિત રીતે બળાત્કાર થયો હતો. આ સમગ્ર ઘટના મધ્યપ્રદેશના મૌગંજ જિલ્લામાંથી સામે આવી છે. પોલીસે આ ઘટનાની માહિતી આપી હતી. મળતી માહિતી મુજબ, સગીર બાળકી પર બળાત્કારની ઘટના ૨૨ નવેમ્બરે બની હતી.પોલીસે જણાવ્યું છે કે ૨૨ નવેમ્બરના રોજ બળાત્કારની આ ચોંકાવનારી ઘટના '૧૦૮' ઈમરજન્સી સેવા હેઠળ સંચાલિત એમ્બ્યુલન્સમાં બની હતી.

## ભારતને ફરીથી યુએન પીસકીપિંગ કમિશનનું સભ્ય બનાવાયું

। ન્યૂયોર્ક, તા.૨૯ ।

સમગ્ર વિશ્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના વખાણ કરી રહ્યું છે. આ જ કારણ છે કે ભારતનું કદ વિશ્વની ચેતનામાં પોતાની આગવી ઓળખ બનાવી રહ્યું છે. વિશ્વમાં ભારતની વધતી ભૂમિકાને સમગ્ર વિશ્વ અનુભવી રહ્યું છે. તેથી, ફરી એકવાર ભારતને ૨૦૨૫-૨૦૨૬ માટે સંયુક્ત રાષ્ટ્ર શાંતિ રક્ષા આયોગના સભ્ય તરીકે ફરીથી ચૂંટવામાં આવ્યું છે. આયોગમાં ભારતનો વર્તમાન કાર્યકાળ ૩૧ ડિસેમ્બરે સમાપ્ત થઈ રહ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનએ ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ભારતને ૨૦૨૫-૨૦૨૬ માટે સંયુક્ત રાષ્ટ્ર પીસકીપિંગ કમિશન માટે ફરીથી પસંદ કરવામાં આવ્યું છે. સ્થાપક સભ્ય અને યુએન પીસકીપીંગમાં મુખ્ય ફાળો આપનાર તરીકે, ભારત વૈશ્વિક શાંતિ અને સ્થિરતા તરફ કામ કરવા પીસીબી સાથે તેની જોડાણ ચાલુ રાખવા માટે પ્રતિબદ્ધ છે." સુરક્ષા પરિષદ અને આર્થિક અને સામાજિક પરિષદમાંથી ચૂંટાયા છે. યુનાઈટેડ નેશન્સ સિસ્ટમમાં ટોચના નાણાકીય યોગદાન આપનારા દેશો અને ટોચના સૈન્યનું યોગદાન આપનારા દેશો પણ તેના સભ્યો છે.

### સંભાલ કેસ પર સુપ્રીમ કોર્ટની મહત્વપૂર્ણ સૂચના

### ટ્રાયલ કોર્ટે જે ઉતાવળથી કેસની સુનાવણી કરી અને સર્વેનો આદેશ આપ્યો, તેનાથી સ્થાનિક લોકોના મનમાં શંકા પેદા થઈ

# હાઈકોર્ટના આદેશ સુધી ટ્રાયલ કોર્ટે કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ

। નવીદિલ્હી, તા.૨૯ ।





સંભલ હિંસા પર મહત્વપૂર્ણ નિર્દેશો આપતા સુપ્રીમ કોર્ટે નીચલી કોર્ટને સંભલ જામા મસ્જિદ કેસની સુનાવણી ન કરવા જણાવ્યું છે. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે પ્રશાસનને કાયદો અને વ્યવસ્થા સુધારવા માટે પણ સૂચના આપી છે. સુપ્રીમ કોર્ટે અરજદારને હાઈકોર્ટમાં જવા માટે કહ્યું છે અને કહ્યું છે કે હવે હાઈકોર્ટના નિર્દેશ પર જ કોઈપણ કાર્યવાહી થઈ શકશે. હકીકતમાં, મસ્જિદ સમિતિએ મસ્જિદનો સર્વે કરાવવાના નીચલી કોર્ટના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં કરી હતી. તેના પર ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની બેંચે અરજીકર્તાઓને પૂછ્યું કે તેઓ હાઈકોર્ટમાં કેમ ન ગયા. બેન્ચે કહ્યું કે આ મામલો યોગ્ય ફોરમ પર ઉઠાવવો જોઈએ. જો કે, સુપ્રીમ કોર્ટે આ મામલામાં કેટલાક મહત્વપૂર્ણ નિર્દેશો આપ્યા હતા, જે મુજબ નીચલી કોર્ટને આ કેસની સુનાવણી પર રોક લગાવવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેને નીચલી કોર્ટના નિર્ણય સામે કેટલાક વાંધો છે. તેમજ સુપ્રીમ કોર્ટે આ કેસની સુનાવણી હાઈકોર્ટ દ્વારા કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમજ સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને પિટિશન દાખલ થયા બાદ ત્રણ દિવસમાં સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે નીચલી કોર્ટના આદેશ બાદ એડવોકેટ કમિશનર દ્વારા સંભલ જામા મસ્જિદનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ સર્વે દરમિયાન જ તાજેતરમાં સંભલમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં ચાર લોકો માર્યા ગયા હતા. સ્થિતિને જોતા સુપ્રીમ કોર્ટે એડવોકેટ કમિશનરના રિપોર્ટને સીલબંધ પરબિડીયામાં રાખવા અને તેને જાહેર ન કરવા પણ નિર્દેશ આપ્યો છે.

### કેટલાક દિવસોથી સતત વરસાદ | મુશળધાર વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ઘુસી જતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે

# થાઇલેન્ડમાં વરસાદ અને પૂરે મચાવી ભારે તબાહી

। સોંગખલા, તા.૨૯ ।



થાઈલેન્ડના સોંગખલા પ્રાંતમાં ભારે વરસાદે તબાહી મચાવી છે. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા મુશળધાર વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ઘુસી જતાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. પાણીમાં ફસાયેલા લોકોને પણ બચાવવામાં આવી રહ્યા છે.થાઈલેન્ડના સોંગખલા પ્રાંતમાં ભારે વરસાદને કારણે તબાહીનું દ્રશ્ય સામે આવ્યું છે. અહીં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા વરસાદ બાદ લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે અને રસ્તાઓ પર પાણીની નદીઓ પણ વહેતી જોવા મળી રહી છે. તો વરસાદી પાણીમાં વાહનો પણ ફસાઈ ગયાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાની સાથે પૂરના પાણીમાં ફસાયેલા લોકોને પણ બહાર કાઢવામાં આવ્યા છે.થાઈલેન્ડના સબાહ યોઈમાં વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં ભારે પૂર આવતા મોટાભાગના લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. થાઈલેન્ડના સોંગખલા પ્રાંતમાં ભારે વરસાદને કારણે તબાહી મચી ગઈ છે. મુશળધાર વરસાદને કારણે લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે. પૂરથી પ્રભાવિત નીચાણવાળા વિસ્તારોમાં લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. માહિતી અનુસાર, મુશળધાર વરસાદ બાદ સાત દક્ષિણી પ્રાંતોમાં પૂરથી ૧૩૦,૦૦૦ થી વધુ ઘરો પ્રભાવિત થયા છે. ૩ ડિસેમ્બર સુધી ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.થાઈલેન્ડના અખાત સાથેના તમામ દક્ષિણ પ્રાંતોમાં ભારે વરસાદ ચાલુ છે, અને પટ્ટની અને યાલા વચ્ચેના ટ્રેક પર પૂરના કારણે ઘણી ટ્રેન સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. અહીં વરસાદ નોંધપાત્ર રહ્યો છે, છેલ્લા સાત દિવસમાં નરથીવાટમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, કુલ ૧,૧૦૦ મિલીમીટર. એકલા મંગળવારે, પ્રાંતમાં ૫૦૨ મીમી, ત્યારબાદ પટ્ટણીમાં ૪૯૨ મીમી અને યાલામાં ૪૦૫ મીમી વરસાદ નોંધાયો હતો.

Jariwala HOLIDAYS PVT. LTD. | રામકૃષ્ણ આશ્રમ સામે, યાજ્ઞીક રોડ, રાજકોટ
માહિતી પત્રક માટે વોટસએપ કરવું : 91733 91333
ફેમીલી/કપલ ટુર્સ
AC 2X2 સ્લીપર-સીટીંગ બસ/રેલ્વે/ફ્લાઈટ દ્વારા
ગુજરાતી-પંજાબી-જૈન ભોજન
મિનરલ વોટર • સ્ટાર-ડીલક્ષ હોટલ
દિ.૮ ગોવા મ.બળેશ્વર-લોનાવાલા ઈમેજીકા
દિ.૧૨ મનાલી સિમલા ડેલહાઉસી
દિ.૧૨ કાશ્મીર વૈષ્ણોદેવી અમૃતસર
દિ.૧૦ હરિદ્વાર આગ્રા-દિલ્હી મથુરા
દિ.૮ પંચમઢી ઈન્દોર ઉજજૈન
દિ.૧૨ ચારધામ યાત્રા
દિ.૫ ગોવા એર પેકેજ
દિ.૯ સિક્કીમ દાર્જીલીંગ લાચુંગ



|| किस्मत कुंडली ||
આપના જીવનનો નકશો

આપનું જીવન જાણે કેટલાય સંઘર્ષ, રૂકાવટો, અડચણ અને ચઢાવ-ઉતાર સાથે પસાર થયું હશે. પરંતુ તે વખતની ખાણીપીણી, સ્નેહીકરણી, ધાર્મિકતા, સહિષ્ણુતા અને ઉદારતા જેવા ગુણોને કારણે વિકટ પરિસ્થિતિને પાર પાડી શક્યા હશો, પરંતુ અત્યારના પરિપેક્ષમાં જોતાં આજની પેઢી આ બધું સહન કરવાની ક્ષમતા ધરાવતી નથી તો તેમના જીવનને સરળ અને શાંતિપૂર્ણ બનાવવા માટે આ કિસ્મત કુંડળીને સહારે આપ તેમના કેરિયર અને ભાવિ જીવનના મહત્વના દરેક ક્ષેત્રે સરળતાથી પાસ થઇ શકે તે માટે કેટલીક વિગતો જાણવી જરૂરી બને જેમાં કિસ્મત કુંડળીના નીચેના મુદ્દાઓ મદદરૂપ થાય.



(દવેગુરૂજી)
University Certified International Astrologer.

• ઓવેરર ગ્રહ સ્થિતિ • શિક્ષણ • રાજકીય જીવન • શુભ વાર • અશુભ તારીખ • શુભ વ્યવસાય
• કેરીઅર • આર્થિક જીવન • આરોગ્ય • શુભ દિશા • શુભ વર્ષ • પ્રતિકૂળ વ્યવસાય
• શરીર બંધારણ • સામાજીક જીવન • સ્થાવર સુખ • શુભ રત્ન • પ્રતિકૂળ વર્ષ • વિશિષ્ટ સલાહ
• સ્વાસ્થ્ય • વૈવાહિક જીવન • વિદેશ ગમન • શુભ રંગ • શુભ રાશી • ઓવરર જીવન
• સ્વભાવ • કૌટુંબિક જીવન • શુભ અંક • શુભ તારીખ • અશુભ રાશી • માર્ગદર્શન

સંપર્ક : જ્યોતિષી ડૉ. આર.જે. દવે (વીંછીઆવાળા)
૭, વ્રજભૂમિ, સોસાયટી, કૃષ્ણનગરની બાજુમાં, પીજ રોડ, નડિયાદ
દુનિયાના 20 થી વધુ દેશોમાં અસંખ્ય ગ્રાહક વર્ગ
વોટ્સએપ અને મોબાઈલ : +91 99740 92777












# સાધુઓના ચાલતા ડખ્ખાના કારણે જુનાગઢની ખુબ મોટી બદનામી થવા પામી

। જૂનાગઢ, તા.૨૯ ।

ગિરનાર પર્વત ઉપર બિરાજતા માં અંબાજી માતાજીના મહંત તનસુખગીરી મોટા પીર બાવા બ્રહ્મલીન થયા બાદ ગાદીનો વિવાદ થતા જેમાં પોલીસની એન્ટ્રી થઈ છે. આ રૂપિયા આવ્યા આપ્યાની હરિગીરીના લેટરની સત્યતાની તપાસ એ ડીવીઝન પ ીઆઈ બી.બી.કોળી અને સ્ટાફે હાથ ધરી છે. તનસુખગીરીએ પ ોતાના વારસદાર તરીકે કોઈને શિષ્ય તરીકે નિમ્યા નથી તેમ છતા હરિગીરીએ ચાદરવિધિ કરી પ્રેમગીરીની નિમણુંક કરતા વિવાદ વિકર્યો છે.આ મુદ્દે તનસુખગીરીના કૌટુંબીક વારસદાર અને ભીડભંજન મહાદેવની સેવા પૂજા કરતા રસીકભારથીએ એ ડીવીઝન પોલીસમાં ફરીયાદ કરી હરિગીરી સામે આક્ષેપ કરી જણાવ્યું છે કે તેમના હોદાનો ગેરઉપયોગ કરી ધાક ધમકી આપી સમાધી આપી તનસુખગીરી બાપુની જગ્યામાં ઘુસી બળજબરીથી પ્રેમગીરીની ચાદરવિધી કરી નાખી હતી.







ગ્રામ્ય વિસ્તારના પત્રકારો માટે ઝડપી લેવા જેવી તક

અમદાવાદમાં
ન્યૂઝ મીડિયા ક્ષેત્રે
કરિયર બનાવો

ગુજરાતી ભાષામાં પ્રભુત્વ ધરાવતા અને મેટ્રો શહેર અમદાવાદમાં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા પત્રકારો, કોપી એડિટર, સબ એડિટર, પેજમેકર, ડીઝાઈનર સહિતના મીડિયા કર્મચારીઓને લોક પત્રિકા દૈનિક આવકારે છે

છ મહિના સુધી પ્રિન્ટ અને ઈલેક્ટ્રિક મીડિયાની ટ્રેનિંગ આપવામાં આવશે

ગુજરાતના વિવિધ જિલ્લાના સ્થાનિક લોકલ ન્યૂઝ પેપર, યૂટ્યૂબ અથવા લોકલ ચેનલમાં કામ કરતા પત્રકાર મિત્રો માટે સુવર્ણ તક..

લોક પત્રિકા
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
સંપર્ક । 98252 52125

વધુ માહિતી માટે અમારી વેબસાઈટની મુલાકાત લો... www.lokpatrika.in


















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya


CMYK